# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૦૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૦૯ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 108 • Dt. 24-10-2024 Sunday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

24 NOVEMBER- 2024 SUNDAY




P.09 અભિનેત્રી કસ્તુરી જેલમાંથી છૂટી, ઈશારાથી વિરોધીઓ પર નિશાન સાધ્યું



P.09 દિલજીત દોસાંઝના કોન્સર્ટની ટિકિટો મિનિટોમાં વેચાઈ ગઈ

પાકિસ્તાનને પણ મોદી સાહેબ જેવા નેતાની જરૂર છે : બિઝનેશનમેન 09





09 કર્ણાટકમાં યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ અને સહયોગી જદયુ મોટો ઝટકો લાગ્યો

**સત્તા હાલસ કરવા ભાજપ-કોંગ્રેસે મહામહેનત કરી**

**કોંગ્રેસના ગુલાબસિંહને પછાડી સ્વરુપજી ઠાકોરની ૨,૫૬૭ મતથી જીત, અત્યંત રસાકસીવાળા આ મુકાબલામાં છેક ૨૦માં રાઉન્ડ સુધી કોંગ્રેસ આગળ હતી । છેલ્લા ત્રણ રાઉન્ડમાં જ બાજી પલટાઇ । વાવ બેઠક ઉપર સમગ્ર રાજ્યની નજર હતી**

# વાવ વિધાનસભા બેઠકમાં 'કમળ' ખીલ્યું, 'ગુલાબ' મુરઝાયું

## વાવની આ બેઠકમાં ગેનીબહેનના લીધે ગુલાબસિંહનો વિજય જાણે નિશ્ચિત મનાતો હતો, પણ ભાજપને તળિયાના કાર્યકર સ્વરૂપજી ઠાકોર પર મૂકેલો વિશ્વાસ ફળ્યો

। જિલ્લા પ્રતિનિધિ,પાલનપુર,તા.૨૩ ।

વાવમાં કોંગ્રેસના ગુલાબસિંહને હરાવીને ભાજપના સ્વરૂપજી ઠાકોર ૨,૫૬૭ મતથી જીત્યા છે. અત્યંત રસાકસીવાળા આ મુકાબલામાં છેક ૨૦માં રાઉન્ડ સુધી કોંગ્રેસ આગળ હતી, છેલ્લા ત્રણ રાઉન્ડમાં જ બાજી પલટાઈ હતી. ભાભરની મતપેટી ખૂલતા સ્વરૂપજીએ રીતસરની સરસાઈ કાપી હતી.એક સમયે ગુલાબસિંહ રાજપૂત મતગણતરી શરૂ થઈ ત્યારે એક તબક્કે ૧૪ હજાર મતની સરસાઈ ધરાવતા હતા. પણ સ્વરૂપજીએ પછી આ જંગી લીડ કાપીને છેલ્લા ત્રણ રાઉન્ડમાં બાજી મારી લીધી હતી. વાવ બેઠક ભાજપ માટે અત્યંત કપરી માનવામાં આવે છે. ભાજપ ૧૯૮૫ પછી આ બેઠક પર ફક્ત બે જ વખત જીત્યું છે. આ પુરવાર કરે છે કે ભાજપ માટે આ બેઠક જીતી કેટલી કપરી છે.

વાવની આ બેઠકમાં ગેનીબહેનના લીધે ગુલાબસિંહનો વિજય જાણે નિશ્ચિત મનાતો હતો. પણ ભાજપને તળિયાના કાર્યકર સ્વરૂપજી ઠાકોર પર મૂકેલો વિશ્વાસ ફળ્યો છે. તેની સાથે ભાભરના મતદારોએ સ્વરૂપજીમાં મૂકેલો વિશ્વાસ કામ કરી ગયો છે. ભાભરે સ્વરૂપજીને છેહ દીધો નથી.




### ...જ્યારે કોંગ્રેસને તેનો અતિ આત્મવિશ્વાસ નડી ગયો

ચુંટણી દરમિયાન જ્યારે કોંગ્રેસને તેનો અતિ આત્મવિશ્વાસ નડી ગયો છે. વાવમાં જીત મળતાં જ વિધાનસભામાં પણ ભાજપની બેઠકોનો આંકડો વધીને ૧૬૩ પર પહોંચી ગયો છે. વાવમાં કોંગ્રેસ ઘેનીબહેનના ભરોસે વધુ પડતી રહી ગઈ હતી, આ વાત તેને સમજાઈ ગઈ હશે. આના લીધે બીજા લોકો સાઈડલાઈન થઈ ગયાની ભાવના પણ કામ કરી ગઈ હોવાનું મનાય છે.કોંગ્રેસ પહેલેથી જ આ બેઠક જાણે મારા ગજવામાં છે તેવો જ તેનો અભિગમ રહ્યો હતો.


**પ્રકૃતિના સાનિધ્યમાં વિદેશી પક્ષીઓનો જમાવડો**

## વિદેશમાંથી હજારો કિલો મીટરનું અંતર કાપીને પક્ષીઓ નળ સરોવર પહોંચ્યા

**સારસ, બતકો પેલીકન, ગુજ, ક્રેન, કોમોરન્ટ ઇગ્રેટ, સ્ટોર્ક સહિતના પક્ષીઓ આવી ગયા**

। મિત્તલ મહેતા દ્વારા, વિરમગામ, તા.૨૩ ।

રાજ્ય સાથે હાલમાં પુરા દેશમાં ઠંડીએ જોર પકડયું છે ત્યારે છીછરા પ ાણીનું તળાવ એવા નળ સરોવર ખાતે વિદેશી પક્ષીઓ મોંઘેરા મહેમાન બન્યા છે. ત્યારે આ જળ અભ્યારણમાં રશિયા,અફઘાનિસ્તાન,સોમાલિયા, સાયબેરીયા સહીત ના હજારો કિલોમીટર



દુરથી પક્ષીઓ મોંઘેરા મહેમાન બન્યા છે. ચાલુ વર્ષે ચોમાસા દરમ્યાન મેઘ રાજાએ મન મુકીને વરસવાનું ચાલુ રાખ્યું હતું.જેના કારણે નળ સરોવર ની જળ સ્તર ઓછું હાવાને કારણે વિદેશી પક્ષીઓ અહિયાં પ ડાવ નાંખતા હોય છે. જોકે હાલમાં વિદેશી પ ક્ષીઓમા જોવા જઈએ તો સારસ, બતકો પ ેલીકન, ગુજ, ક્રેન, કોમોરન્ટ ઈગ્રેટ, સ્ટોર્ક, આઈબિસ, જેવા શિકારી પક્ષીઓ જમાવળો નાંખતા નજરે ચડે છે.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ)
અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367



વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

## માંડલ અંધાપાકાંડ મામલે સુઓમોટોમાં કોર્ટ મિત્રે 'ખ્યાતિ હોસ્પિટલકાંડ'નો ઉલ્લેખ કર્યો

# ખ્યાતિ હોસ્પિટલકાંડ મુદ્દે રાજ્ય સરકાર તપાસ કરી જ રહી છે : ગુજરાત હાઇકોર્ટ

### કોર્ટમિત્રે કહ્યું હતું કે હોસ્પિટલો દ્વારા યોજાતા મેડિકલ કેમ્પને પણ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ આવરી લેવા જોઇએ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૩ ।

માંડલની શ્રી રામાનંદ આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૧૭ જેટલા દર્દીએ આંશિક અને સંપૂર્ણ રીતે આંખોની દૃષ્ટિ ગુમાવતાં સર્જાયેલા અંધાપા કાંડ મુદ્દે સુઓમોટો રિટમાં શુક્રવારે સુનાવણી થઇ હતી. ત્યારે કોર્ટ મિત્ર દ્વારા તાજેતરના વિવાદીત ખ્યાતિ હોસ્પિટલની ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એના જવાબમાં ટકોર કરી હતી કે,'રાજ્ય સરકાર આ મામલે યોગ્ય તપાસ કરી જ રહી છે.' કોર્ટમિત્રે કહ્યું હતું કે હોસ્પિટલો દ્વારા યોજાતા મેડિકલ કેમ્પને પણ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ આવરી લેવા જોઈએ. જેથી કરીને તેમની જવાબદારી નક્કી કરી શકાય. બીજી તરફ રાજ્ય સરકારે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન માટે છ હજાર સંસ્થાઓએ અરજી કરી હોવાનું જણાવ્યું હતું. શુક્રવારે કેસની સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે રાજ્યમાંથી છ હજાર સંસ્થાઓએ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવા અરજી કરી છે. ડિસ્ટ્રિક્ટ રેગ્યુલેટરી ઓથોરિટીના ગઠનનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. ઓનલાઈન પોર્ટલ ઉપર પણ રજીસ્ટ્રેશન કરવા માટેની સુવિધા અપાઈ છે.



છ હજાર અરજીઓ પૈકી ૨,૯૨૭ સંસ્થાઓને પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યું છે. જ્યારે બીજી અરજીઓ પ્રક્રિયા હેઠળ છે. ૧૦૫૦ અરજીઓ ઓફલાઈન મળી છે તેને પણ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અપાયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,'જે મેડિકલ સંસ્થાઓ ક્લિનિકલ એસ્ટાબ્લિમેન્ટ એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન નથી કરાવતી તેમને નોટિસ આપવામાં આવશે. અત્યાર સુધીમાં ૫૧૨ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે. આ હોસ્પિટલોની સ્થળ તપાસ માટે ટીમ પણ બનાવવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ રેગ્યુલેટરી ઓથોરિટીમાં ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર મુખ્ય વડા હોય છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ રેગ્યુલેટરી ઓથોરિટીની રચના કરવામાં આવી છે. જો કે ક્લિનિકલ એસ્ટાબ્લિમેન્ટ એક્ટ ઉપર હજુ રૂલ્સ બનાવવાના બાકી છે. તેથી હાઈકોર્ટે આ કેસની વધુ સુનાવણી હવે જાન્યુઆરીમાં રાખી છે. આ મામલે હાઈકોર્ટે અખબારી અહેવાલના આધારે ૧૭મી જાન્યુઆરીએ સુઓમોટો રિટ લીધી હતી. જેમાં વૃદ્ધ દર્દીઓએ મોતિયાના ઓપરેશન બાદ આંશિક અથવા સંપૂર્ણ રીતે તેમની આંખોની દ્રષ્ટિ ગુમાવ્યાનો ચોંકાવનારા સમાચારો પ્રકાશિત થયા છે. એ વખતે ખંડપીઠે આદેશમાં નોંધ્યું હતું કે,'મોતિયાના ઓપરેશન દરમિયાન શું આ દર્દીઓને હલકી ગુણવત્તા વાળી દવાઓ આપવામાં આવી હતી કે કેમ એ તપાસનો વિષય છે. શું હોસ્પિટલમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો? કે પછી આંખની સર્જરી પહેલા જે પ્રકારના મેડિકલ પ્રોટોકોલનો અમલ કરવો જોઈએ એનો અમલ થયો હતો કે કેમ એ પણ એક મોટો સવાલ છે.

## દાણીલીમડામાં ૧.૮૧ લાખ રૂપિયાની કિંમતના ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૩ ।

ક્રાઈમ બ્રાંચે માહિતીને આધારે દાણીલીમડામાંથી બે શક્સોની ધરપકડ કરીને તેમની પાસેથી રૂ.૧,૮૧,૩૯૦ ની કિંમતનો ગાંજાનો જથ્થો કબજે કર્યો છે. ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી કે સમીર એમ.ઘાંચી નામનો શખ્સ તેના મિત્ર ફરદીન પઠાણ સાથે સુરતથી ગેરકાયદે ગાંજાનો જથ્થો પલ્સર બાઈક પર લઈને ચંડોળા તળાવ સામે બેરલ માર્કેટ રોડ તરફ જવાના છે. જેને આધારે પોલીસે જાળ બિછાવીને બેરલ માર્કેટ રોડ પરતી બન્ને શખ્સોને ઝડપી લઈને તેમની પાસેથી રૂ. ૧,૮૧,૩૯૦ ની કિંમતનો ૧૮.૧૩૯ ગ્રામ ગાંજાનો જથ્થો કબજે કર્યો હતો.તપાસમાં સમીર ઘાંચી દાણીલીમડામાં અને ફરદીન ગુલામરસુલ પઠાણ બેરલ માર્કેટ ખાતે રહેતો હોવાનું બહાર આવ્યું છે. તેમની પાસેથી પોલીસે ગાંજાનો જથ્થો, પલ્સર બાઈક, બે મોબાઈલ, રૂ.૫,૩૨૦ રોકડા તથા એરટેલ કંપનીનું ડોંગલ કબજે કર્યા હતા.

## સૌરાષ્ટ્ર જતા વાહનચાલકોએ આ હાઈવે પર ટોલ ટેક્સ ભરવો પડશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૩ ।

સૌરાષ્ટ્રના મોટા સેન્ટર સુધી પહોંચવા માટે અમદાવાદ ટુ રાજકોટના રસ્તો બહુ જ મહત્વપૂર્ણ ગણાય છે. અમદાવાદથી રાજકોટનો રસ્તો એ મુખ્ય ધોરી માર્ગ છે. ત્યારે હવે આ હાઈવે પર મોટા બદલાવ આવી રહ્યા છે. જે દરેક વાહન ચાલકે જાણી લેવા જરૂરી છે. જલ્દી જ આ હાઈવે સિક્સલેનમાં બદલાઈ જવાનો છે. જેને કારણે કેટલાક ટોલનાકા બંધ થવાના છે, અને કેટલાક નવા ટોલનાકા શરૂ થવાના છે. અમદાવાદથી રાજકોટ જતા પહેલું ટોલનાકું બાવળા પછી ૧૨ કિમી દૂર ભાયલા ગામ પાસે કોરોના કંપની પાસે બનાવાયુ છે.બીજું ટોલનાકું બગોદરા અને લીંબડી વચ્ચે ટોકરાળા ગામ પાસે, ત્રીજું ટોલનાકું ઢેઢુંકી ગામ પાસે (સાયલા-ચોટીલા વચ્ચે) તેમજ ચોથું ટોલનાકું માલિયાસણ ગામ (રાજકોટથી ૮ કિમી પહેલાં) બનાવવામાં આવ્યું છે.

## કાર ટ્રકમાં ઘુસી જતાં ૬ લોકોનાં કમકમાટીભર્યા મોત થયાં

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૩ ।

ભરૂચના જંબુસરના મગણાદ નજીક અકસ્માતમાં હાઈવે રોડ પર પાર્ક કરેલા ટ્રકમાં કાર ઘુસી જતાં ૬ લોકોના કરૂણ મોત થયા છે. જ્યારે ચાર લોકને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે વડોદરા ખસેડાયા છે. દુર્ઘટના મોડીરાત્રીના પોણા અગિયાર વાગ્યે બની હતી. ગંભીર રીતે ઘવાયેલા ચાર ઈજાગ્રસ્તોને સારવાર માટે વડોદરા હોસ્પિટલ લઈ જવાયા છે. જંબુસરના પાંચ કડા ગામના પરિવાર ભરૂચ જઈ રહ્યો હતો આ દરમિયાન અકસ્માત નડ્યો છે. ઉલ્લેખનિય છે કે, ભરૂચના જંબુસરના મગણાદ ગામ નજીક ઉભેલી ટ્રકમાં પાછળથી ઈકો કાર અથડાતા ભયંકર અકસ્માત સર્જાયો હતો.જેને ૬ લોકોનો ભોગ લીધો. કારમાં કુલ ૧૦ લોકો સવાર હતા.મૃતકોમાં ૨ મહિલા, ૩ પુરુષ અને બે બાળકીનો સમાવેશ થાય છે. મૃતકો વેદચ, સાંભા પાંચકડા અને ટંકારી ગામના હતા. આ બંને પરિવાર ભરૂચના શુકલતીર્થ ગામે મેળામાંથી ઘરે પરત ફરી રહ્યાં હતા. એ દરમ્યાન અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે, ઈકો કારનું પતરું ચીરી લોકોને બહાર કઢાયા હતા. આ અકસ્માતાં સપનાબેન જયદેવ ગોહિલ, જયદેવ ગોવિંદભાઈ ગોહિલ કીર્તિકાબેન અર્જુનસિંહ ગોહિલ, હંસાબેન અરવિંદ જાદવ, સંધ્યાબેન અરવિંદ જાદવ,વિવેક કુમાર ગણપતે જીવ ગુમાવ્યો છે.

## પથરીની સારવારે પોલીસ સુધી પહોંચાડ્યો!

# ગુજરાતમાં સટ્ટા ડબ્બા ટ્રેડિંગના મુખ્ય આરોપીની પોલીસે કરી આખરે ધરપકડ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં સટ્ટા અને ડબ્બા ટ્રેડીંગની તપાસ કરી રહેલી પોલીસને વધુ એક મહત્વની સફળતા મળી છે. ડબ્બા ટ્રેડિંગનો મુખ્ય આરોપી સેધાજી જેસંગજી ઠાકોર મહેસાણા પોલીસે ઝડપી પાડ્યો છે. સેધાજી જેસંગજી ઠાકોર વડનગર અને વિસનગર વિસ્તારના ડબ્બા ટ્રેડિંગનો મુખ્ય આરોપી છે.આરોપી સેધાજી જેસંગજી ઠાકોર અમદાવાદની પથરીની સારવારે પોલીસ સુધી પહોંચાડ્યો! હોસ્પિટલમાં પથરીની સારવાર માટે પહોચ્યો હતો. મહેસાણા એલસીબી પોલીસને બાતમી મળતા પથરીની સારવારે પોલીસ સુધી પહોંચાડ્યો! હોસ્પિટલમાંથી સેધાજી જેસંગજી ઠાકોરને ઝડપી પાડ્યો છે. આરોપી સેધાજી ઠાકોર






ડબ્બા વિરૂદ્ધ ટ્રેડિંગના હાલમાં પથી વધુ ગુના નોંધાયેલા છે અને ખૂન, લૂંટ, ધાડના ગુનાઓમાં પણ સંડોવાયેલો છે.આરોપી સેંધાજી ઠાકોર ૨૦૧૭થી ૨૦૨૦ સુધી મુખ્ય ભેજાબાજ હિમાંશુ ઉર્ફે પીન્ટુ ભાવસારના ત્યાં દલાલ સ્ટોકમાં કોલર હતો. કોલરમાંથી પોતે જ રાજ્ય અને આંતર રાજ્યમાં નવું ગ્રુપ બનાવી દીધું હતું. પોતાનું નવું ગ્રુપ બનાવી નવા કોલર બનાવી પોતે મેનેજર બની ડબ્બા ટ્રેડિંગ કરતો હતો. લોકોને કેવી રીતે ડબ્બા ટ્રેડિંગમાં ફસાવવા એની પણ કોલરને ટ્રેનિંગ આપતો હતો. માર્કેટ પ્લસ એપમાં શેરબજારની વધઘટ જોઈ લોકો સાથે છેતરપિંડી કરતા હતા. સેંધાજી ઠાકોર અસંખ્ય લોકો સાથે ડબ્બા ટ્રેડિંગનો મુખ્ય સૂત્રધાર છે. આરોપી સેંધાજી ઠાકોરને ૧૨ દિવસના રિમાન્ડ પર સોંપાયો છે.

## બોટાદમાં યુવાન પર સરાજાહેર છરીના ઘા ઝીંકી હુમલો

। પ્રતિનિધિ, બોટાદ, તા.૨૩ ।

શહેરનાં તુલસી નગર - ૧માં એક યુવાન પર સરાજાહેર છરીના પાંચ થી છ ઘા ઝીંકી હુમલો કરાયો હતો. ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.બોટાદ શહેરનાં ઢાકણીયા રોડ પર આવેલ તુલસી નગરમાં રહેતા હિતેશ વજુભાઈ મહેરિયા નામના યુવાન પર છરીના ઘા ઝીંકી હુમલો કરાયો હતો. આ હુમલામાં હિતેશને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે સબિહા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડોક્ટર નર્સિંગ સ્ટાફ દ્વારા શરૂ ઈજાગ્રસ્ત હિતેશની સારવાર કરવામાં આવી પરંતુ હિતેશ મહેરિયાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.હોસ્પિટલ ખાતે સગા સંબંધીઓ અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો હોસ્પિટલ પહોચી તપાસ હાથ ધરી છે. યુવાન પર બે વ્યક્તિઓ એ હુમલો કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસ તંત્ર દ્વારા આરોપીની અટકાયત માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## મહારાષ્ટ્રના લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓનો સ્વીકાર કર્યો છે : ઋષિકેશ પટેલ

। પ્રતિનિધિ, સોમનાથ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર ઝારખંડ વિધાન સભાનું આજે પરિણામ જાહેર થયું છે. સાથે જ ગુજરાતની વાવ વિધાન સભાની પેટાચૂંટણીનું પરિણામ પણ જાહેર થઈ ચૂક્યું છે અને મહારાષ્ટ્ર અને ગુજરાતના વાવમાં ભાજપનો ભગવો લહેરાયો છે. સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં ભાજપ નેતાઓમાં ખુશી જોવા મળી હતી.ચિંતન શિબિરમાં આવેલા ભાજપના નેતા અને મંત્રી ઋષિકેશ પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે ગુજરાતમાં લોકોનો વિશ્વાસ અમે જીત્યો છે, ગુજરાતમાં તો ભાજપની સરકાર છે જ પરંતુ હવે વાવના સ્વરૂપ સિંહ વિધાનસભાના ધારાસભ્ય બની ચુક્યા છે. તો મહારાષ્ટ્રમાં જે પ્રમાણેની ચર્ચાઓ થતી હતી. જેમાં ભાજપ જીતે તે ચર્ચાઓ સાંભળવા મળતી હતી પરંતુ પરિણામ અકલ્પનીય આવ્યું છે. અને મહારાષ્ટ્રના લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓનો સ્વીકાર કર્યો છે.





## સાયબર ગઠિયા ફરી એક્ટિવ, ત્રણ દિવસમાં ૯ લોકો ટાર્ગેટ કરાયા

# સાયબર ગઠિયા ફરી એક્ટિવ । શેરબજારમાં વધુ નફાની લાલચમાં મેનેજરે ૯૨.૧૦ લાખ ગુમાવ્યા

**ખાનગી કંપનીના મેનેજરે શેરબજારમાં રોકાણ કરી નફો કમાવવાની લાલચમાં ૯૨.૧૦ લાખ ગુમાવ્યા હતા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૩ ।

સાયબર ગઠિયા ફરી એક્ટિવ થયા છે. છેલ્લા ત્રણ દિવસમાં શહેરના ૯ લોકોને ટાર્ગેટ કરી કરોડો રૂપિયા પડાવવામાં આવ્યા છે. ખાનગી કંપનીના મેનેજરે શેરબજારમાં રોકાણ કરી નફો કમાવવાની લાલચમાં ૯૨.૧૦ લાખ ગુમાવ્યા હતા. જુદા જુદા ટાસ્કમાં રિવ્યૂ આપીને રોજ હજાર રૂપિયા કમાવવાની લાલચ આપી સાયબર ગઠિયાએ અન્ય યુવકના ૧૧.૬૬ લાખ પડાવ્યા હતા. ઉપરાંત, ૮૭ વર્ષના વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરીને ગઠિયાએ ૨૩ લાખનો ચૂનો લગાવ્યો હતો. મોટેરાના સંપત સેન્ટરમાં રહેતો અંશુમાન ત્રિપાઠી (૩૮) એરપોર્ટની ખાનગી કંપનીમાં મેનેજર છે. ગત માર્ચમાં અશુંમાન ત્રિપાઠીએ ઈન્સ્ટાગ્રામ આઈડીની પર એક જાહેરાત જોઈ હતી. તેના પર ક્લીક કરતાં તે એક વોટસએપ ગ્રૂપ માં એડ થયા હતા. તેના એડમિન તરીકે દીપક રાજ હતા અને નીતા ત્રિવેદી પણ જુદી જુદી ટીપ્સ આપતા હતા. આ ગ્રૂપમાં ૧૮૦ મેમ્બર હતા. દીપક રાજે અંશુમાનને તેના વોટસએપ નંબર પર જુદા જુદા શેરની ટીપ્સ આપવાની શરૂઆત કરી હતી. શેરબજારમાં રોકાણ કરીને તેની પ્રોફાઈલમાં ઘણો નફો થતો હોવાનું પણ જોવા મળતું હતું. અંશુમાને આ ટીમની ટીપ્સને આધારે શેરબજારમાં રૂ. ૯૨.૭૮ લાખનું રોકાણ કર્યું હતું. એક વખત તેણે રૂપિયા વિડ્રો કરવા રિકવેસ્ટ નાખી હતી. આ રિક્વેસ્ટને આધારે તેને રૂ. ૬૮ હજાર પરત મળ્યા હતા. તેણે બીજી વખત રિક્વેટસ મોકલતાં રૂપિયા મળ્યા નહોતા. આમ અંશુમાનને અહેસાસ થયો હતો કે તે છેતરાયો છે. તેને પગલે તેણે પોતાની સાથે સાયબર ગઠિયા દ્વારા કરવામાં આવેલી ૯૨.૧૦ લાખની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવતાં સાયબર ક્રાઈમ બ્રાંચ તપાસ શરૂ કરી છે.શાહીબાગમાં રહેતો સચિન રમેશચંદ્ર ભાવસાર (૩૪) ચાંગોદરની એક કંપનીમાં લોજિસ્ટિક સિનિયર એક્ઝ્યુક્યુટિવ છે. સચિનના ઈન્સ્ટાગ્રામ પર પ્રતિમા નામની યુવતીનો મેસેજ આવ્યો હતો. તેણે ઘરે બેઠા પાર્ટટાઈમ કામ કરીને રોજના ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા કમાવવાની વાત કરી હતી. સચિનને રસ પડતાં તેણે પૂછપરછ કરી ત્યારે સામે છેડેથી જણાવવામાં આવ્યું હતું કે કાર રેન્ટલ સર્વિસ આપતી કંપનીને કાર રિવ્યૂ આપવાના છે. જુદા જુદા ટાસ્કમાં તમને કમિશન મળશે. સચિને સામે છેડેથી જે સૂચના મળી તે મુજબ યૂઝર આઈડી બનાવી કામ શરૂ કર્યું હતું. પહેલા જ ટાસ્કમાં તેને રૂ. ૧૫૦૦ કમિશન મળ્યું હતું. તેથી સચિનને વિશ્વાસ બેઠો હતો. જુદા જુદા ટાસ્કમાં સચિનને રૂ. ૧૭૪૫૨ કમિશન મળ્યું હતું.




## હુમલો કરીને ભાગતા ત્રણમાંથી એક લૂંટારૂને લોકોએ ઝડપી પાડ્યો

# સુરતમાં ધોળા દિવસે જ્વેલરી શોપમાં દુકાનદારના ગળા કાપી લૂંટનો પ્રયાસ

। પ્રતિનિધિ, સુરત, તા.૨૩ ।

સુરતના ભેસ્તાનમાં ધોળે દહાડે ઝવેરીની દુકાનમાં લૂંટ ચલાવાઈ હતી. જોકે, દુકાન માલિક અને કારીગરે પ્રતિકાર કરતાં બંનેના ગળા કાપીને ત્રણેય લૂંટારુ ભાગી છૂટ્યા હતાં. એક લૂંટારૂને લોકોએ પકડી પાડ્યો હતો. બાકીના બે ભાગી છૂટવામાં સફળ થયા હતાં. લૂંટારૂઓએ ગળા ઉપર ચાકુ ફેરવતાં જ્વેલરી શોપના માલિક અને કારીગર બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.શહેરના ઉધના-નવસારી મેઈનરોડ ઉપર ભેસ્તાન ચાર રસ્તા પર આવેલી શાંતિનાથ જ્વેલર્સની દુકાનમાં લૂંટનો પ્રયાસ થયો હતો. બપોરે ૨થી ૨.૩૦ વાગ્યાની આસપાસ ૩ લૂંટારૂઓ તિક્ષ્ણ હથિયારો સાથે ઘુસી આવ્યાં હતાં. જેમણે લૂંટનો પ્રયાસ કર્યો હતો. અચાનક દુકાનમાં ધસી આવેલા લૂંટારૂને દુકાનમાં હાજર માલિક અને કારીગર દ્વારા પ્રતિકાર કરવામાં આવ્યો હતો. જો કે, લૂંટારૂઓએ બંનેના ગળા પર તિક્ષ્ણ હથિયાર ફેરવી દેતા બન્ને લોહીલુહાણ થઈ ગયા હતાં. લૂંટની આ ઘટનાથી બૂમાબૂમ મચી ગઈ હતી. સ્થાનિકો દોડી આવ્યા હતાં. બન્ને ઈજાગ્રસ્તોને ગળાના ભાગે રૂમાલ બાંધી હોસ્પિટલ ખસેડ્યા હતાં. ત્રણ લૂંટારા પૈકી એકને ઝડપી લીધો હતો. ત્યારબાદ દોડી આવેલી પોલીસના હવાલે આ લૂંટારૂને સોંપી દેવામાં આવ્યો હતો.

# મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

। પ્રતિનિધિ,લુણાવાડા, તા.૨૩ ।

મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ છે. લુણાવાડાના છાત્રાલયમાંથી યુવકનો મૃતદેહ લટકતચી હાલતમાં મળી આવ્યો હતો. તપાસમાં બાબા સાહેબ આંબેડકર ભવન ખાતેથી યુવાનનો મૃતદેહ મળ્યો હોવાનું બહાર આવ્યું છે.પ્રાથમિક તપાસમાં અગમ્ય કારણોસર યુવકે આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ અંગે લુણાવાડા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને જાણ કરાતા લુણાવાડા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. તપાસમાં કુમાર છાત્રાલયમાં ફરજ દરમિયાન યુવકે જીવન ટુંકાવ્યું હોવાનું બહાર આવ્યું છે. બીજીતરફ પોલીસે આ યુવકે આપઘાત કર્યો છે કે તેની હત્યા થઈ છે તે અંગે તપાસ હાથ ધરી છે. મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ છે.






## તંત્રી લેખ...

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઈ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઈ ગઈ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઈ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઈ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરુષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

જંગલનો રાજા સિંહ છે તેમ સમંદરનો રાજા વ્હેલ શાર્ક માછલી કહેવાય છે

**ભારતીય કાયદા દ્વારા સંરક્ષિત જાહેર કરાયેલી આ સર્વપ્રથમ માછલી છે. વ્હેલ શાર્ક ખૂબ જ સરળતાથી ઓળખી શકાય તેવો દેખાવ ધરાવે છે. તેનું સપાટ મોટું માથું, વિશાળ મોઢું, ઘેરા રંગની ત્વચા ઉપર હળવા રંગના ચકામાં અને પેટનો સફેદ ભાગ ધરાવે છે.**

# વિલુપ્ત થવાને આરે આવેલી પ્રજાતિ "વ્હેલ શાર્ક" વિશ્વની સૌથી મોટી માછલી છે

**તે જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તેનું વજન ૩૫ ટન સુધી વધી શકે છે અને તેની લંબાઇ ૨૦ મીટર સુધી થઇ શકે છે. તેનું આયુષ્ય ૬૦થી ૧૦૦ વર્ષનું હોય છે.**



વ્હેલ શાર્ક એ (રીક્રોડોન્ટાપસ એ રીક્રોડોન્ટીડેઇ પરિવાર, ઓરકોટોલોવીફોર્મસ)ના ક્રમની પ્રજાતિની વિશ્વની સૌથી મોટી માછલીગણાય છે. જેમ જંગલનો રાજા સિંહ છે તેમ સમંદરનો રાજા વ્હેલ શાર્ક માછલી કહેવાય છે. વ્હેલ શાર્ક ખૂબ જ સરળતાથી ઓળખી શકાય તેવો દેખાવ ધરાવે છે. તેનું સપાટ મોટું માથું, વિશાળ મોઢું, ઘેરા રંગની ત્વચા ઉપર હળવા રંગના ચકામાં અને પેટનો સફેદ ભાગ ધરાવે છે. તેના જીવન તથા આદતો વિશે ઘણું ઓછું જાણી શકાયું છે. તે ખુલ્લા સમુદ્રી વિસ્તાર અને ઉષ્ણકટિબંધીય જળવિસ્તારમાં રહે છે અને દરિયાઈ જીવોનો શિકાર કરે છે. તે જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તેનું વજન ૩૫ ટન સુધી વધી શકે છે અને તેની લંબાઈ ૨૦ મીટર સુધી થઈ શકે છે. તેનું આયુષ્ય ૬૦થી ૧૦૦ વર્ષનું હોય છે. વ્હેલ શાર્કનું કદ વિશાળ હોવા છતાં માનવ સમુદાય માટે બિનહાનીકારક છે. વ્હેલ શાર્કને કુદરતે રક્ષણાત્મક ગુણો આપ્યા છે. તે પોતાની જાડી ઢાલ જેવી ચામડીનો ઉપયોગ પોતાના રક્ષણ માટે કરે છે. વ્હેલ શાર્ક ઘણાં મોટા જળવિસ્તારમાં ફેલાયેલી છે અને તેની વસતી વિશ્વના ઉષ્ણકટિબંધીય જળવિસ્તાર તેમજ સમશીતોષ્ણ હુંફાળા સમુદ્રોમાં જોવા મળે છે. અત્યાર સુધી આ જીવને સંબંધિત, તેની શારિરીક રચનાઓ અને જીવન અંગેની બહુ ઓછી માહિતી પ્રાપ્ત થઈ શકી છે. અન્ય શાર્ક પ્રજાતિઓની જન્મજાત જૈવિક વિલક્ષણતાઓ જેમ કે વિશાળ કદ, ધીમી-વૃદ્ધી, લાંબા સમયે આવતી પરિપક્વતા, લાંબું આયુષ્ય જેવા કારણોથી તેમની વસતી મર્યાદીત રહી છે તેમજ તેના શિકાર-શોષણનો મામલો પણ અત્યંત સંવેદનશીલ છે. વ્હેલ શાર્કની જૈવિક લાક્ષણિકતાઓને લીધે એ વાત નક્કી છે કે જો તેમનું વધુ શોષણ-શિકાર કરવામાં આવે તો આ પ્રજાતિને ઉગરવામાં ઘણો જ સમય લાગી જાય તેમ છે. આગાઉ વ્હેલ શાર્કની પ્રજાતિને સંરક્ષિત પ્રજાતિમાં સામેલ કરવામાં નહોતી આવી અને વર્ષ ૨૦૦૧ સુધીમાં મોટી સંખ્યામાં તેનો શિકાર કરવામાં આવતો હતો. ભારતીય સરકારના વન અને પર્યાવરણ વિભાગે ભારતીય જળ સીમામાં વ્હેલ શાર્કને સંપૂર્ણ કાયદાકીય સંરક્ષણ પુરું પાડ્યું છે. સરકારે વર્ષ ૨૦૦૧ની ૨૮મી મેના રોજ વન્યજીવન(સંરક્ષણ) એક્ટ,૧૯૭૨ની કલમ ૬૧ની પેટાકલમ(૧)નાં શિડ્યુઅલ-૧માં વ્હેલ શાર્કને સામેલ કરી છે. ભારતીય કાયદા દ્વારા સંરક્ષિત જાહેર કરાયેલી આ સર્વપ્રથમ માછલી છે. આમ તો વ્હેલ શાર્ક' વિલુપ્ત થવાને આરે આવેલી પ્રજાતિ છે, ભારતમાં વાઘ, સિંહ અને હાથી જેટલું સંરક્ષણ મેળવનારી આ પ્રથમ માછલીની જાત છે. વ્હેલ શાર્ક માછલી દુનિયાની સૌથી મોટી અને ૭૦થી ૧૦૦ વરસ આયુષ્ય ભોગવતી તે ઓકટોથી માર્ચમાં નિયમિત રીતે ખોરાક મેળત્તવાઅને બચ્ચાઓને જન્મ આપવા પોરબંદર દ્વારકાથી માંગરોળ, સોમનાથ, સુત્રાપાડાના દરિયામાં પ્રતિ વર્ષ આવે છે. આ માછલીને વન વિભાગની એકટ હેઠળ રક્ષણ પણ આપવામાં આવેલ છે. સુપ્રસિધ્ધ સુપ્રસિધ્ધ રામપારાયણ કથાકાર મોરારીબાપુ વ્હેલ શાર્ક બચાવ અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. જગતના મહાસાગરોમાં કુલ ૨૫૦ પ્રકારની શાર્ક જોવા મળે છે.પરંતુ તેમાં મુખ્ય ૩ પ્રકારની શાર્ક વધુ જાણીતી છે.ગ્રેટ વ્હાઈટ શાર્ક ,વ્હેલ શાર્ક ,હેમર હેડ શાર્ક ,ગ્રેટ વ્હાઈટ શાર્ક,હેમર હેડ શાર્ક આ બધીશાર્ક ગણાય છે તો માછલી પણ અમુક બાબતો માં તે માછલી કરતા જુદી છે.દરેક માછલીને શરીરમાં હાડપીન્જરનું માળખું હોય છે,જયારે શાર્કને નક્કર હાડપિંજર જ હોતું નથી.શાર્ક ને શરીરમાં અસ્થીને બદલે કાસ્થી એટલે કે રબ્બર જેવા ટીસ્યુ હોય છે.શરીરને કસોકસ મઢી લેતી મજબુત ત્વચા ભીતરી અવયવોને યથાસ્થાને જાળવી રાખે છે. શાર્ક જો સતત તર્યા ના કરે તો ડૂબવા માંડે છે. માછલી અને શાર્ક વચ્ચે તે બીજો ફરક છે.તારણ શક્તિ માટે કુદરતે દરેક માછલીને ગેસ ચેમ્બર જેવી સ્વીમ બ્લેડર જેવી સગવડ આપી છે.માછલી ધારે ત્યારે અને ધારે એટલા વાયુનો ભરાવો તેમાં કરી શકે છે.



બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતી કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**



પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય સુધી કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે. પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે. બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે.

પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા ંપણ સાબિત થઈ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે.

સફળતા માટે ડરને બિલકુલ દુર કરો । સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા



જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઈ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોઈપણ પ્લાનિંગ વગર તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પરિણામ । મહાયુતિને ૨૨૪ બેઠકો જ્યારે એમવીએને ૫૭ બેઠકો

# મહારાષ્ટ્રમાં મહાયુતિની સુનામીમાં એમવીએના સૂપડા સાફ

### મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૨૬, શિવસેના શિંદે જુથને ૩૭, કોંગ્રેસને ૨૧, શિવસેના ઉદ્ધવ જુથને ૧૯ અને એનસીપી શરદ જુથને ૧૩ બેઠકો મળી

। મુંબઇ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા છે.જેમાં ભાજપના ગઠબંધન હેઠળની મહાયુતિએ ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૨૪ બેઠકો પર જીત હાંસલ કરી છે જયારે કોંગ્રેસના નેતૃત્વવાળી એમવીએ માત્ર ૫૭ બેઠકો પર સમેટાઇ ગઈ છે.જયારે અન્યના ફાળે સાત બેઠકો આવી છે.ભાજપે એકલા હાથે ૧૨૬ બેઠકો જીતી છે જયારે શિવસેના શિંદે જુથને ૩૭ બેઠકો મળી છે.જયારે એનસીપી અજિત જુથને ૩૯ બેઠકો મળી છે જયારે એવીએના સાથી પક્ષોમાં કોંગ્રેસને ૨૧,શિવસેના ઉદ્ધવ જુથને ૧૯ અને એનસીપી શરદ જુથને ૧૩ બેઠકો મળી છે.મહારાષ્ટ્રમાં મહાયુતિની જીત બાદ મહારાષ્ટ્રમાં ઉજવણી કરવામાં આવી હતી.દેવેન્દ્ર ફડનવીસ અને એકનાથ શિંદેના નિવાસ સ્થાને કાર્યકરો એકત્રિત થઈ ગયા હતાં અને ઢોલ નગારા સાથે નાચ ગાન કરવા લાગ્યા હતાં. આ ઉપરાંત દિલ્હી ભાજપ કાર્યાલય ખાતે પણ ઉજવણી કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં મહાયુતિને બહુમતી મળ્યા બાદ હવે સરકાર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.







### ચૂંટણી પરિણામો પર ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડનીસે કહ્યું કે

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે રાજ્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્થન આપે છે. તેમનું સૂત્ર, જો કોઈ સુરક્ષિત છે, જનતાએ તે સાબિત કર્યું છે. લાડકી બહેનોનો આભાર, જનતાએ પોતાનો મત રાષ્ટ્રીય વિચારો માટે લડતી પાર્ટીને આપ્યો છે. ફડણવીસે કહ્યું, આ એકનાથ શિંદે, અજિત પવાર અને અમારી એકતાની જીત છે. આ સમગ્ર મહાયુતિની જીત છે.મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ ના પરિણામોએ ભાજપ અને મહાયુતિના સમર્થકોના ચહેરા પર સ્મિત લાવ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો પ્રમાણે સમગ્ર સ્થિતિ ઊંધી વળતી જોવા મળી રહી છે.

### પશ્ચિમ મહારાષ્ટ્ર પ્રદેશને બેઠકોની દ્રષ્ટિએ સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે

પશ્ચિમ મહારાષ્ટ્ર પ્રદેશને બેઠકોની દ્રષ્ટિએ સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રાજ્યની કુલ વિધાનસભા બેઠકોમાંથી એક ચતુર્થાંશ બેઠકો પશ્ચિમ મહારાષ્ટ્રમાંથી આવે છે. એટલે કે ૨૮૮ બેઠકોમાંથી ૫૮ પશ્ચિમ મહારાષ્ટ્ર ક્ષેત્રની છે. આ બેઠકો કોલ્હાપુર, સાંગલી, સતારા, પુણે અને સોલાપુર જિલ્લાની છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને અવિભાજિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો દબદબો હતો. ૨૦૧૯ની ચૂંટણીમાં, પશ્ચિમ મહારાષ્ટ્રની કુલ ૫૮ બેઠકોમાંથી, શરદ પવારના નેતૃત્વમાં એનસીપીએ સૌથી વધુ ૨૧ બેઠકો જીતી હતી. આ વખતે શરદ પવારની આગેવાની હેઠળની એનસીપીને માત્ર ૫ બેઠકો મળી છે.

### ૨૦૧૯ વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય મુકાબલો બે મુખ્ય ગઠબંધન વચ્ચે હતો

એ યાદ રહે કે પ્રથમ, ભાજપ અને શિવસેનાનું ગઠબંધન, જે તે સમયે સરકારમાં હતું. તે જ સમયે કોંગ્રેસ અને એનસીપીને વિપક્ષી ગઠબંધનમાં સામેલ કરવામાં આવ્યા હતા. જ્યારે પરિણામો આવ્યા ત્યારે ભાજપને ૨૮૮ સભ્યોની વિધાનસભામાં સૌથી વધુ ૧૦૫ બેઠકો મળી હતી. તે જ સમયે, ભાજપના સહયોગી શિવસેનાને ૫૬ બેઠકો મળી હતી. આ રીતે, આ ગઠબંધનને કુલ ૧૬૧ બેઠકો મળી, જે બહુમતીના ૧૪૫ના આંકડા કરતા ઘણી વધારે હતી. બીજી તરફ એનસીપીને ૫૪ બેઠકો મળી હતી જ્યારે તેના સહયોગી કોંગ્રેસને ૪૪ બેઠકો મળી હતી.મહારાષ્ટ્રમાં ભાજપ અને મહાયુતિની તરફેણમાં હિંદુ મતોને મજબૂત કરવા માટે સંઘે સૂક્ષ્મ સ્તરે પોતાની તાકાત લગાવી દીધી છે. મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં સંઘની સ્થાપનાને કારણે તેને હિંદુ શક્તિઓનો ગઢ પણ માનવામાં આવે છે.

### 'કિંગ મેકર' કહેતા, પ્રશાંત કિશોરની પાર્ટીનો બિહારમાં સખ્ત પરાજય

। પટણા, તા.૨૩ ।

બિહારની ચાર બેઠકો પ રની પેટાચૂંટણીમાં એક મોટું નામ પ્રશાંત કિશોર હતું. તેઓ ચૂંટણી લડ્યા નહોતા, પરંતુ તેમના જેટલા ચર્ચામાં અન્ય કોઈ ઉમેદવાર નહોતા. શા માટે? વડા પ્રધાન નરેન્દ્ર મોદી, બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી સહિત ઘણા દિગ્ગજ નેતાઓ માટે તેઓ પોતાને 'કિંગ મેકર' કહેતા હતા, કારણ કે તેઓ એક સમયે આ લોકોની ચૂંટણી વ્યૂહરચનાનો ભાગ હતા. આ વખતે પેટાચૂંટણીના ધમધમાટ વચ્ચે ગાંધી જયંતિ પર એક મોટા કાર્યક્રમનું આયોજન કરતી વખતે તેમણે પોતાની સંસ્થા જન-સૂરજને પ ાર્ટીમાં ફેરવી દીધી. ત્યારબાદ બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની પ્રથમ ચાર બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં ઉમેદવારોને ચારેય બેઠકો પર જીતનો દાવો કરવામાં આવ્યો હતો.

### સ્વરા ભાસ્કર પતિ ફહાદની ચૂંટણીમાં હારથી ગુસ્સે, ઈવીએમ પર ઉઠાવ્યા સવાલ

। મુંબઇ, તા.૨૩ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો લગભગ બહાર આવી ગયા છે. ભાજપ, શિવસેના અને એનસીપીના મહાગઠબંધનને રાજ્યમાં પ્રચંડ જીત મળી છે. બપોરે ૩ વાગ્યા સુધીમાં, મહાયુતિ રાજ્યમાં ૨૨૬ બેઠકો પર આગળ છે. તે જ સમયે વિપ ક્ષ કોંગ્રેસ, શિવસેના યુબીટી અને એનસીપી શરદ પવારને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહેમદ પણ રાજ્યની અનુશક્તિ નગર બેઠક પરથી ચૂંટણી હારી ગયા છે. પરિણામો બાદ સ્વરા અને ફહાદે ઈવીએમની કાર્યશૈલી પર સવાલ ઉઠાવ્યા છે.ચૂંટણીમાં એનસીપી ઉમેદવાર સના મલિકને ૪૯૩૪૧ મત મળ્યા અને ૩૩૭૮ મતોથી ચૂંટણી જીતી. જ્યારે, એનસીપી શરદ પવાર જૂથના ઉમેદવાર ફહાદ અહેમદ બીજા ક્રમે રહ્યા અને તેમને ૪૫૯૬૩ મત મળ્યા. ત્રીજા સ્થાને એમએનએસના આચાર્ય નવીન વિદ્યાધર હતા જેમને ૨૮૩૬૨ મત મળ્યા હતા.

#### યોજનાનો ઉદ્દેશ્ય ૨.૩૪ કરોડ પાત્ર મહિલાઓને નાણાકીય લાભ આપવાનો છે

## મહારાષ્ટ્રમાં મહિલાઓ માટે શરૂ થયેલી મારી લડકી બહુન યોજનાને 'ગેમ ચેન્જર' બની

। મુંબઇ, તા.૨૩ ।



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામ આવી ગયા છે અને મહાયુતિને પ્રચંડ જીત મળી છે જ્યારે મહાવિકાસ અઘાડી ઘણી પાછળ રહી ગઈ છે આ જીતનું કારણ ચૂંટણી પહેલા, મહાયુતિ સરકારે મહિલાઓ માટે શરૂ કરેલી મુખ્યમંત્રી - મારી લડકી બહુન યોજનાને 'ગેમ ચેન્જર' ગણાવી છે મહારાષ્ટ્ર સરકારે ૨૮ જૂન ૨૦૨૪ના રોજ 'મુખ્યમંત્રી મારી લડકી બહેન' યોજના શરૂ કરવાની મંજૂરી આપી હતી. આ યોજના દ્વારા, મહારાષ્ટ્રમાં ૨૧ થી ૬૫ વર્ષની વયની લાયક મહિલાઓને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ ડીબીટી દ્વારા મહિલાઓને તેમના ખાતામાં સીધો આપવામાં આવી રહ્યો છે. સરકારનું કહેવું છે કે આ યોજના રાજ્યમાં મહિલાઓની આર્થિક સ્વતંત્રતા સુધારવા, તેમના સ્વાસ્થ્ય અને પોષણમાં સુધારો કરવા અને પરિવારમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને મજબૂત કરવા માટે શરૂ કરવામાં આવી હતી.માઝી લડકી બહુ યોજનાના પોર્ટલ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, આ યોજના માટે કુલ ૧.૧૨ કરોડ અરજીઓ મળી હતી. પોર્ટલ પર સ્વીકૃત અરજીઓની કુલ સંખ્યા ૧.૦૬ કરોડ છે. દરમિયાન, મહારાષ્ટ્રના મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન મારી લડકી બહુન યોજનાનો ઉદ્દેશ્ય ૨.૩૪ કરોડ પાત્ર મહિલાઓને નાણાકીય લાભ આપવાનો છે.રક્ષાબંધન પર શરૂ કરાયેલી આ યોજનાને સરકાર દ્વારા મહારાષ્ટ્રના પ ૂરક બજેટમાં સામેલ કરવામાં આવી છે. આ યોજના માટે રાજ્યની તિજોરીમાંથી વાર્ષિક રૂ. ૪૬,૦૦૦ કરોડની ફાળવણીની જરૂર પડશે. મહારાષ્ટ્ર સરકારે આ યોજના હેઠળ દિવાળી બોનસ ૨૦૨૪ની પણ જાહેરાત કરી હતી.

### જેના અગ્નિ સંસ્કાર કર્યા એ યુવક બેસણા બાદ જીવતો ઘરે આવ્યો

। નવી દિલ્હી, તા.૨૩ ।

જેના અગ્નિ સંસ્કાર કર્યા એ યુવક બેસણા બાદ જીવતો ઘરે આવ્યો, જાણો ગુજરાતમાં ક્યાં બની આ ઘટનાપરિવારનું કોઈ સભ્ય અવસાન પામે ત્યારે જે તે પરિવાર પર આભ તૂટી પડે એવી સ્થિતિ સર્જાય છે. થોડીક કલાકો પહેલા અથવા આગલા દિવસે પ રિવારના જે સભ્યને સાજા-સારા વાતો કરતા જોયા હોય અને બીજા દિવસે અવસાન પામે ત્યારે થોડીવાર તો પરિવારના સભ્યોને માનવામાં જ ન આવે કે આ સભ્ય હવે આપણી વચ્ચે નથી. પણ પછી હરિ ઈચ્છા બલવાન માનીને પરિવારના સભ્યો ભારે હૈયે પોતાના સ્વજનને વિદાય આપે છે. તેના અંતિમસંસ્કાર કરે છે અને મૃત્યુબાદની તમામ વિધિ કરે છે. પણ જેને મૃત માનીને જેના અંતિમસંસ્કાર કર્યા હોય, પરિવારનો એ જ સભ્ય જીવતો ઘરે આવે તો કેવી સ્થિતિ સર્જાય? ગુજરાતમાં આ માન્યામાં ન આવે એવી ઘટના ઘટી છે. મહેસાણા જિલ્લાના વિજાપુરમાં પ્રભુનગર સોસાયટીમાં રહેતો બ્રિજેશ સુથાર નામનો એક યુવક પરિવારને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયો હતો. આ યુવક અમદાવાદમાં શેરબજારમાં રોકાણ કરતો હતો અને થોડા દિવસોથી ટેંશનમાં રહેતો હતો. તેના પરિવારના સભ્યોએ નરોડા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન સાબરમતી પોલીસને બ્રિજ પાસે એક યુવકનો મૃતદેહ મળ્યો હતો. મૃતદેહની ઓળખ પોલીસે ગુમ યુવક બ્રિજેશ ઉર્ફે પીન્ટુ સુથાર તરીકેની કરી તેના પરિવારને જાણ કરી હતી અને મૃતદેહ પરિવારને સોંપ્યો હતો.

#### ભાજપને નીતિશ કુમાર અને એકનાથ શિંદેના રૂપમાં અન્ય ઉમેદવાર મળી શકે

## શું એકનાથ શિંદે મહારાષ્ટ્રમાં બીજેપી માટે બીજા નીતીશ કુમાર બનશે ?

**મહારાષ્ટ્ર વિધાનસભા માટેના વલણો ભાજપ માટે તોફાન હોવાનું કહેવાય છે, ડેટા પણ કંઈક આવું જ સૂચવે છે. પરંતુ, સવાલ એ થાય છે કે શું ભાજપે આનાથી ખુશ થવું જોઈએ?**

। પટણા,તા.૨૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા માટેના વલણો ભાજપ માટે તોફાન હોવાનું કહેવાય છે. ડેટા પણ કંઈક આવું જ સૂચવે છે. પરંતુ, સવાલ એ થાય છે કે શું ભાજપે આનાથી ખુશ થવું જોઈએ? હાલના આંકડાઓ જોતા લાગે છે કે મહારાષ્ટ્રમાં બે તૃતિયાંશ બહુમતી સાથે એનડીએ સરકાર બનવા જઈ રહી છે. પરંતુ, રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે મહારાષ્ટ્રમાં પણ ભાજપને નીતિશ કુમાર અને એકનાથ શિંદેના રૂપ માં અન્ય ઉમેદવાર મળી શકે છે. આ ચર્ચા શા માટે ચાલે છે?બિહારમાં એનડીએની સરકાર છે. સત્તામાં ભાજપનો હિસ્સો છે. ભાજપના ક્વોટામાંથી બે-બે ડેપ્યુટી સીએમ છે. પરંતુ, બીજેપી ક્વોટાના મંત્રીઓ અને ડેપ્યુટી સીએમની બિહારની નોકરશાહી પર સહેજ પણ પકડ નથી. નીતીશ કુમાર બધું જ પોતાની રીતે કરે છે. જ્યારે બિહાર વિધાનસભામાં જેડીયુ કરતા ભાજપના ઘણા વધુ ધારાસભ્યો છે.બિહાર વિધાનસભાના આંકડાઓની વાત કરીએ તો જેડીયુ ત્રીજી પાર્ટી છે. પરંતુ, એ પણ સાચું છે કે નીતિશ કુમાર પાસે ૧૨ સાંસદો છે. જો નીતીશ કુમારનું મન ડગમગશે તો કેન્દ્રની મોદી સરકારની મુશ્કેલીઓ વધી શકે છે. તેથી નીતિશ કુમાર પાસેથી મુખ્યમંત્રી પદ છીનવવું એટલું સરળ નથી. સ્થિતિ એવી છે કે બિહાર ભાજપના નેતાઓએ ૨૦૨૫ની ચૂંટણી માટે નીતિશ કુમારને ગેરંટી પણ આપી દીધી છે.મહારાષ્ટ્રમાં એનડીએનો આંકડો ૨૨૫ વિધાનસભા સીટો પર રહી આમાં ભાજપનો આંકડો ૧૨૬ સીટોની આસપાસ છે અને એકનાથ શિંદેની શિવસેનાનો આંકડો ૫૫ સીટોની આસપાસ છે. હવે સ્થાનિક ભાજપના નેતાઓ મુખ્યમંત્રી પદ માટે દાવેદારી કરી રહ્યા છે.પરંતુ, આ બધું એટલું સરળ નથી લાગતું. એકનાથ શિંદેના ચાર સાંસદો પણ છે, જે કેન્દ્રની મોદી સરકાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એકંદરે એવી ચર્ચા હતી કે શું એકનાથ શિંદે મહારાષ્ટ્રમાં બીજેપી માટે બીજા નીતીશ કુમાર બનશે?

## મહારાષ્ટ્રના લોકો પણ આ પરિણામોને સ્વીકારશે નહીં : સંજય રાઉત

। મુંબઇ, તા.૨૩ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો બહાર આવી રહ્યા છે. ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ રાજ્યમાં ૨૮૮ વિધાનસભા બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મેળવી છે. હવે આ ચૂંટણી પ રિણામ જોઈને શિવસેના યુબીટી નેતા સંજય રાઉત ગુસ્સે છે. તેમણે પરિણામો પર સવાલ ઉઠાવ્યા છે અને કહ્યું છે કે ચૂંટણીમાં કંઈક ખોટું થયું છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે તેઓ આ પરિણામોને સ્વીકારતા નથી. સંજય રાઉતે કહ્યું કે મહારાષ્ટ્રના લોકો પણ આ પરિણામોને સ્વીકારશે નહીં. શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે કહ્યું છે કે મહારાષ્ટ્રની જનતાનો નિર્ણય લઈ શકાય નહીં. અમને ખબર છે કે



મહારાષ્ટ્રના લોકો શું ઈચ્છે છે. સંજય રાઉતે કહ્યું કે બે દિવસ પહેલા જ ગૌતમ અદાણી વિરુદ્ધ લાંચ કેસમાં વોરંટ જારી કરવામાં આવ્યું છે. જેમાં ભારતીય જનતા પાર્ટીનો પર્દાફાશ થયો છે. આના પરથી ધ્યાન હટાવવા માટે આ છેતરપિંડી કરવામાં આવી છે અને તેની તૈયારીઓ ચાલી રહી છે. મહારાષ્ટ્ર અને મુંબઈ ગૌતમ અદાણીના ખિસ્સામાં જઈ રહ્યા છે અને અમે તેનો વિરોધ કર્યો છે. તેથી આવા પ રિણામો મહારાષ્ટ્ર પર લાદવામાં આવ્યા છે.સંજય રાઉતે કહ્યું કે આ જનતાનો નિર્ણય ન હોઈ શકે. આપણે તેનું મન જાણીએ છીએ. સંજય રાઉતે વધુમાં કહ્યું કે, લોકસભાની ચૂંટણી સમયે પણ અમારા માટે વસ્તુઓ સારી થવાની હતી પરંતુ અમારી ૪-૫ સીટો ચોરાઈ ગઈ હતી. સંજય રાઉતે કહ્યું કે પરિણામમાં કંઈક ખોટું છે. દરેક મતવિસ્તારમાં વોટિંગ મશીન લગાવવામાં આવ્યા છે. સંજય રાઉતે કહ્યું કે એકનાથ શિંદેએ કહ્યું હતું કે તેમનો એક પણ વર્તમાન ધારાસભ્ય પડતો નથી.

## દિલ્હીના નંદનગરમાં યુવકની હત્યા, યુવતીની છેડતીનો વિરોધ કર્યો હતો

। નવીદિલ્હી, તા.૨૨ ।


રાજધાની દિલ્હીના નંદનગરીમાં એક યુવકની હત્યાનો મામલો સામે આવ્યો છે. છેડતીનો વિરોધ કરવા બદલ યુવતીની હત્યા કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે જણાવ્યું કે નંદનગરી પ ોલીસ સ્ટેશનને માહિતી મળી હતી કે સુંદર નગરી પાસે એક વ્યક્તિના ગળા પર ચાકુ મારવામાં આવ્યું છે. ફોન પર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.કોલર કૃષ્ણ કુમારે જણાવ્યું કે સલમાન નામના બે લોકો, સલીમનો પુત્ર અને તેનો ભાઈ અરબાઝ એક છોકરીને મારતા હતા. ત્યારબાદ ફોન કરનારે દરમિયાનગીરી કરી બંને ભાઈઓને ગાળો આપી ત્યાંથી ચાલ્યા જવા કહ્યું હતું.લગભગ અડધા કલાક પછી તેને માહિતી મળી કે સલમાન અને અરબાઝ નામના બે ભાઈઓ તેમના ભત્રીજા મનીષ ઉર્ફે રાહુલ સાથે લડી રહ્યા છે.

#### ૫ કારણોથી ભાજપ પાછળ રહી ગઈ

## હેમંત સોરેને ઝારખંડમાં તોડ્યો ૨૪ વર્ષનો રેકોર્ડ

। રાંચી, તા.૨૩ ।

ઝારખંડમાં હેમંત સોરેનની પાર્ટીએ જીત હાંસલ કરી હતી ઝારખંડમાં આવું પહેલીવાર થઈ રહ્યું છે જ્યારે કોઈ પાર્ટી મજબૂતાઈથી સત્તામાં પરત ફરી રહી છે. જયારે ભાજપના પરાજયના પાંચ કારણો છે ઝારખંડમાં ૨૪ વર્ષનો રાજકીય રેકોર્ડ તૂટી ગયો છે. રાજ્યમાં પહેલીવાર કોઈ પાર્ટી તાકાત સાથે સત્તામાં વાપસી કરી છે.હેમંત સોરેન ગઠબંધનને



સંપૂર્ણ બહુમતી મળી રહી છે. હેમંત ગઠબંધન ઝારખંડમાં ૮૧માંથી ૫૧ સીટો જીતી છે આવી સ્થિતિમાં સવાલ એ ઉઠી રહ્યો છે કે તમામ તાકાત લગાવવા છતાં ભાજપ ઝારખંડમાં કેવી રીતે સત્તામાં ન આવી શક્યું? ભાજપના કારણો જોઈએ તો મુખ્યમંત્રીનો કોઈ ચહેરો નથી- ભારતીય જનતા પાર્ટી પાસે સ્થાનિક સ્તરે કોઈ મજબૂત ચહેરો નહોતો. પાર્ટીમાં સીએમ ચહેરાના બે અગ્રેસર (બાબુ લાલ મરાંડી અને ચંપ ાઈ સોરેન) હતા. રસપ્રદ વાત એ છે કે બંને ટર્નકોટ હતા. ચંપાઈ વિધાનસભા ચૂંટણી પ હેલા જ ભાજપમાં જોડાઈ ગયા હતા.એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલ મુજબ, હેમંતની લોકપ્રિયતા ઝારખંડમાં ચંપાઈ અને બાબુ લાલ કરતા બમણી હતી.




## મહારાજ અને મૂંજ્યાના ગીતોએ શર્વરીની લોકપ્રિયતામાં વધારો કર્યો

# હું નસીબદાર છું, મને ૨૦૨૪માં ત્રણ મોટા હિટ સોંગ મળ્યા: શર્વરી વાઘ



શર્વરી વાઘ એક એવી એક્ટ્રેસ છે, જેણે જૂજ ફિલ્મોથી જ બોલિવૂડમાં પોતાનું એક ચોક્કસ સ્થાન બનાવી લીધું છે. ઊભરતા સિતારાઓમાંથી એક જાણીતી સ્ટાર બની ચૂકેલી શર્વરીની ૧૦૦ કરોડની કમાણી કરનારી ફિલ્મ 'મૂંજ્યા' હોય કે પછી વિશ્વ કક્ષાએ ઓટીટી સ્ટ્રીમિંગમાં ટોચ પર પહોંચી ગયેલી ફિલ્મ 'મહારાજ' સાથે તેણે ત્રણ સુપરહિટ ગીતો આપ્યા છે. જેમાં તેની 'મૂંજ્યા'ના ગીત 'તરસ', 'મહારાજ'નું 'હાં કે ના' અને 'મૂંજ્યા'ના 'તૈનું ખબર નહીં'ને યૂટ્યુબ પર ૪૦૦ મિલિયન વ્યૂઝ મળ્યા છે. આ અંગે શર્વરીએ કહ્યું, ''એક કલાકાર માટે ગીતો બહુ જરૂરી છે કારણ કે તેનાથી જ તેઓ દર્શકોના દિલ સુધી પહોંચી શકે છે.''શર્વરી માને છે કે, ''હું મારી જાતને નસીબદાર માનું છું કે મને ૨૦૨૪માં ત્રણ બહુ હિટ ગીતો મળ્યા છે પરંતુ તેમાં સૌથી ખાસ વાત એ છે કે એ બધાં જ ગીતો અલગ છે. તરસ એક બિલકુલ ડાન્સની મજા આવે એવું ગીત છે. જ્યારે હાં કે ના માં એક જૂના જમાનાની રોમેન્ટિક ગીતો જેવી મજા છે. જ્યારે તૈનું ખબર નહીં આજના જમાનાનું રોમેન્ટિક ગીત છે.'' શર્વરીએ આગળ કહ્યું, ''૨૦૨૪ મારા માટે એક યાદગાર વર્ષ રહ્યું છે. ફિલ્મો તો સફળ રહી જ છે મહારાજ અને મૂંજ્યાના ગીતો પણ ખુબ સફળ રહ્યા છે. મને જે અનુભવાઈ રહ્યું છે તે અનમોલ છે અને મને આશા છે કે ભવિષ્યમાં પણ આ જ પ્રકારની સફળતા જળવાઈ રહે.''શર્વરીએ આગળ જણાવ્યું, ''લોકોએ મારા પર અને મારા ગીતો પર જે પ્રેમ વરસાવ્યો છે તેનાથી હું સહુની બહુ જ આભારી છું. હું તેમને મારા પર વધુ ગૌરવ થાય તેના માટે હજુ વધારે મહેનત કરું છું. કારણ કે એક કલાકારને આટલો પ્રેમ મળે તે એક વિલક્ષણ બાબત છે.'' હવે શર્વરી યશરાજ ફિલ્મ્સની સ્પાય યુનિવર્સની ફિલ્મ આલ્ફામાં આલિયા ભટ્ટ સાથે કામ કરતી જોવા મળશે.

# 'પુષ્પા ૨'ના ડરથી 'છાવા'એ રિલીઝ ડેટ બદલી હોવાની ચર્ચા

## હવે 'છાવા' શિવાજી જયંતિ પર રિલીઝ થવાની શક્યતા



વિકી કૌશલની ઐતિહાસિક ફિલ્મ 'છાવા'ની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. આ ફિલ્મ પહેલા ૬ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી પરંતુ હવે અલ્લુ અર્જૂનની 'પુષ્પા ૨' સાથે ક્લેશ ટાળવા માટે આ ફિલ્મની રિલીઝ ડેટ પાછી ઠેલાય તેવી શક્યતા છે. મેડોક ફિલ્મ પ્રોડક્શન 'છાવા' રિલીઝ કરવવા માટે હવે બીજી તારીખોના વિકલ્પો વિચારી રહ્યું છે. આ ફિલ્મ હવે ૨૦ ડિસેમ્બર, ૧૦ જાન્યુઆરી કે ૧૯ ફેબ્રુઆરીમાંથી કોઈ એક તારીખે રિલીઝ થઈ શકે છે. કેટલીક ચર્ચાઓ એવી પણ છે કે હવે આ ફિલ્મ શિવાજી જયંતિ પર ૧૯ ફેબ્રુઆરીના દિવસે રિલીઝ થઈ શકે છે. કારણ કે મહારાષ્ટ્રના લોકો માટે શિવાજી જયંતિનું ઘણું મહત્વ છે અને આ ફિલ્મ શિવાજીના દિકરા છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારીત છે. તેથી મહારાષ્ટ્રના દર્શકો ફિલ્મ સાથે વધુ જોડાઈ શકશે. સોશિયલ મીડિયા પર પણ આ તારીખ અંગે ઘણી ચર્ચા છે. સાથે અન્ય ચર્ચા એવી પણ છે કે ફેબ્રુઆરીમાં પહેલાં જ 'દેવા' અને 'રેઈડ ૨' જેવી ફિલ્મો રિલીઝ થવાની તારીખો નક્કી થઈ ચૂકી છે, તેની વચ્ચે જો 'છાવા' રિલીઝ થાય તો તેના કલેક્શનમાં અસર થઈ શકે છે. આ અંગે ફિલ્મ મેકર્સ પણ ચિંતામાં છે. લક્ષ્મણ ઉટેકરની ફિલ્મ 'છાવા'માં વિકી કૌશલ સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં છે. તે ઉપરાંત અક્ષય ખન્ના, દિવ્યા દત્તા પણ મહત્વના રોલમાં છે. ૧૪ ઓગસ્ટે આ ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું,

# ક્રિતિના બર્થડે વિશમાં પણ ઈશારો, કબીર સાથે રિલેશનશિપ કન્ફર્મ કરી?

## કબીર એક મૂળ યૂકેનો બિઝનેસમેન છે અને અત્યાર સુધી ક્રિતિએ આ સંબંધો અંગે મૌન જાળવી રાખ્યું હતું : બિઝનેસમેન કબીર સાથે સંબંધો અંગે ક્રિતિ અત્યાર સુધી મૌન હતી



ક્રિતિ તેના ગ્લેમરસ દેખાવ અને પ્રભાવશાળી અભિનય માટે જાણીતી છે. એક તરફ તેની ગ્લેમરસ પોસ્ટથી સોશિયલ મીડિયામાં લોકો તેના તરફ આકર્ષાતા રહે છે, બીજી તરફ તે 'મિમી' જેવી ફિલ્મો માટે નેશનલ એવોર્ડ પણ જીતે છે. તેણે તેની છેલ્લી ઘણી ફિલ્મોમાં વૈવિધ્યસભર રોલ કર્યા છે, પછી તે 'ભેડીયા' હોય, 'આદિપુરુષ', 'તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા' કે પછી 'દો પત્તી'.તાજેતરમાં જ તેની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચાઓ જગાવી છે. ક્રિતિએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કબીર બહિયાને બર્થ ડે પર વિશ કરી હતી. તેનાથી ચર્ચાઓ શરૂ થઈ છે કે શું તેણે કબીર બહિયા સાથે પોતાની રિલેશનશિપ કન્ફર્મ કરી છે.

તેણે સોશિયલ મીડિયા પર વિશ કરીને બર્થ ડે સેલિબ્રેશનમાં પણ ભાગ લીધો હતો. તેણે પોસ્ટમાં ''હેપિએસ્ટ બર્થ ડે કે! મે યોર ઈનોસન્ટ સ્માઈલ ઓલ્વેઝ સ્ટે અલાઈવ(તારું નાદાન સ્મિત હંમેશા જીવંત રહે)!'' પછી તેણે એક રેડ હાર્ટનું ઈમોજી મુક્યું હતું. સાથે તેણે કબીર સાથે એક તસવીર પણ શેર કરી હતી.કબીર એક મૂળ યૂકેનો બિઝનેસમેન છે અને અત્યાર સુધી ક્રિતિએ આ સંબંધો અંગે મૌન જાળવી રાખ્યું હતું. ત્યારે હવે આ શુભેચ્છાઓ દ્વારા તેણે પોતાની રિલેશનશિપ કન્ફર્મ કરી હોવાનું માનવામાં આવે છે. તેની પાછળ અન્ય એક કારણ પણ છે, ક્રિતિની બહેન નુપુર અને તેના બોયફ્રેન્ડ સ્ટેબિન બિને પણ ક્રિતિ અને કબીરનો સાથે ફોટો શેર કરીને કબીરને બર્થ ડે વિશ કર્યો હતો.

# એક સમયે ૨ રૂમના ઘરમાં ૧૨ લોકો સાથે રહેતો હતો આ એક્ટર

આજના સમયમાં એવા ઘણા એક્ટર અને એક્ટ્રેસ છે જેમણે બહારના હોવા છતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની જગ્યા બનાવી છે. પોતાની એક્ટિંગથી એ કલાકારોએ લાખો ફેન્સ બનાવ્યા છે અને હવે તેઓ ફિલ્મમાં કામ કરવા માટે કરોડો રૂપિયા વસૂલે છે. આવા કલાકારોમાં કાર્તિક આર્યનનું નામ પણ સામેલ છે.આ પણ વાંચોઃ ૬ વખત એક જ નામથી બની ફિલ્મો, ૩માં તો હીરો પણ ન બદલાયો, છતાં રહી સુપરહિટઆજે નામથી લઈને પૈસા સુધી કાર્તિક પાસે કોઈ પણ વસ્તુની કમી નથી. તેણે વર્ષ ૨૦૧૧માં તેની ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. તેની પ્રથમ ફિલ્મ 'પ્યાર કા પંચનામા' હતી, જેનું નિર્દેશન લવ રંજન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ માટે કાર્તિકને માત્ર ૭૦ હજાર રૂપિયાની ફી મળી હતી. જોકે, આજે તે એક ફિલ્મ માટે કરોડો રૂપિયા લે છે.આજે એટલે કે ૨૨મી નવેમ્બરે કાર્તિકનો ૩૪મો જન્મદિવસછે. તેનો જન્મ ગ્વાલિયરમાં થયો હતો. જ્યારે તે ૧૦મા ધોરણમાં હતો ત્યારે તેણે નક્કી કરી લીધું હતું કે તે એક્ટર બનવા માંગે છે. જ્યારે કાર્તિક મુંબઈમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યો હતો, તે જ સમયે તેણે એક્ટિંગમાં પણ હાથ અજમાવવાનું શરૂ કર્યું હતું.કોલેજના ત્રીજા વર્ષમાં તેને 'પ્યાર કા પંચનામા' માટે પસંદ કરવામાં આવ્યો, ત્યારબાદ તેણે કોલેજ છોડી દીધી.

# જો કોઈ યુવતી ના નથી કહી શકતી તો...: ઈમ્તિયાઝ અલી

## ઈમ્તિયાઝે કહ્યું, હું ૧૫-૨૦ વર્ષથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડાયરેક્ટર છું

બોલિવૂડમાં કાસ્ટિંગ કાઉચનું ચલણ દાયકા જૂનું છે. ઘણી વખત એક્ટર કે એક્ટ્રેસ આ વિશે શૉકિંગ ખુલાસા કરે છે. પ્રોડ્યૂસર-ડાયરેક્ટર કે એક્ટર પર ફિલ્મોમાં કામ અપાવવાના બહાને લોકોનો ફાયદો ઉઠાવવાની વાત કહેવામાં આવે છે. જેના કારણે ખૂબ બદનામી પણ થાય છે. આ સમગ્ર મામલે ફિલ્મ મેકર ઈમ્તિયાઝ અલીએ પોતાનો મત રજૂ કર્યો છે. ઈમ્તિયાઝે કાસ્ટિંગ કાઉચને લઈને કહ્યું, 'આ એટલું લાભદાયી નથી. હું પણ આવા ઘણા કિસ્સા સાંભળું છું જ્યાં લોકોના મનમાં કામના બદલે કૉમ્પ્રોમાઈઝનો ડર બેસેલો છે પરંતુ જ્યાં સુધી હું જાણુ છું, આ હેલ્પ કરતો નથી.' ઈમ્તિયાઝે કહ્યું, 'હું ૧૫-૨૦ વર્ષથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડાયરેક્ટર છું. કાસ્ટિંગ કાઉચ વિશે મે પણ ખૂબ સાંભળ્યું છે અથવા તો કોઈ યુવતી આવે છે કામ માટે અને તેને ડર લાગે છે. જો કોઈ યુવતી ના નથી કહી શકતી તો ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેના ચાન્સ વધતાં નથી. એવું નથી કે જે યુવતી કૉમ્પ્રોમાઈઝ કરી લેશે તેને તે રોલ પાક્કો મળી જશે. શોષણ કરનારા ઘણા બધા હશે. જો કોઈ યુવતી ના કહી શકે છે, પોતાની ઈજ્જત કરે છે તો જ કોઈ બીજો માણસ પણ તેની ઈજ્જત કરશે કારણ કે હું અને ઘણા બધા લોકો એવું પણ વિચારે છે કે શું આપણે આ વ્યક્તિને ગંભીરતાથી લઈ રહ્યાં છીએ કે નહીં. શું મારા મનમાં તે માણસ માટે રિસ્પેક્ટ છે જેથી હું તેને કાસ્ટ કરી શકું. આ એક ગેરસમજણ છે કે જો તમે કૉમ્પ્રોમાઈઝ કરશો તો તમારા ચાન્સ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વધી જશે.



# અભિષેક-ઐશ્વર્યાના છૂટાછેડાની અટકળો વધતાં બચ્ચને આપ્યો સણસણતો જવાબ

અમિતાભ બચ્ચન બ્લોગમાં પ્રકૃતિ, સાહિત્ય અને કરિયર અંગે વાત કરતા રહે છે. સામાન્ય રીતે તેઓ અંગત જીવન પર ખાસ પોસ્ટ મૂકતા નથી. છેલ્લા કેટલાક દિવસોથી અભિષેક અને ઐશ્વર્યા રાય વચ્ચે છૂટાછેડાની અટકળોએ વેગ પકડતાં અમિતાભ બચ્ચન ગુસ્સે ભરાયાં છે. તેમણે પોતાની આગવી અદાથી આવા અહેવાલો પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. બચ્ચને પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે, પ્રશ્ન ચિહ્નો લગાવીને મન ફાવે તેવા અહેવાલો આવી રહ્યા છે. આવા કન્ટેન્ટ પર લેખકને પોતાને વિશ્વાસ હોતો નથી અને લોકો આવા અહેવાલને સાચો માને તેવી ઈચ્છા લેખકો રાખતા હોય છે. સંગીતકાર એ.આર. રહેમાન અને સાયરા બાનોના તલાક અંગે ઓફિશિયલ એનાઉન્સમેન્ટ બાદ અન્ય એક સેલિબ્રિટી કપલનું દામ્પત્યજીવન પણ ભંગાણના આરે પહોંચ્યું હોવાના અહેવાલો આવ્યા હતા. જેના પગલે અભિષેક અને ઐશ્વર્યા રાયના છૂટાછેડા નક્કી હોવાનું ઘણાં લોકોએ જાહેર કરી દીધું હતું. આ પ્રકારના રિપોર્ટ અંગે અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં ખુલાસો કર્યો છે. તેમણે ઐશ્વર્યા અને અભિષેકનું નામ ક્યાંય લીધું નથી, પરંતુ તેમનો સંકેત સ્પષ્ટ છે. બચ્ચને બ્લોગમાં જણાવ્યું છે, અલગ દેખાવા અને જીવનમાં તેની ઉપસ્થિતિ પર વિશ્વાસ કરવા અત્યંત સાહસ, દૃઢ વિશ્વાસ અને ઈમાનદારીની જરૂર હોય છે.



# ડેટિંગ ચાલતું હોવાની અભિનેતા વિજયની કબૂલાત


વિજય દેવરકોંડાએ પોતે હાલ રિલેશનશિપ માં હોવાની વાત કબૂલી લીધી છે. હવે રશ્મિકા મંદાના ક્યારે પોતાના પ્રેમની જાહેર કબૂલાત કરે છે તેની રાહ જોવાઈ રહી છે. વિજય અને રશ્મિકા લાંબા સમયથી લિવ ઈન રિલેશનશિપમાં રહેતાં હોવાનું કહેવાય છે. તેઓ સાથે સાથે ફરવા ગયાં હોય તેવા એકથી વધુ તસવીરી પુરાવા સોશિયલ મીડિયા પર પણ ઉપલબ્ધ છે. જોકે, બંનેએ ક્યારેય તેમનાં સંબંધની કબૂલાત કરી નથી. હવે એક સંવાદમાં વિજયે પોતે કબૂલ્યું હતુ કે હું હાલ સિંગલ નથી. જોકે, તેણે રશ્મિકાનું નામ લીધું નથી. પરંતુ, તેના ચાહકોએ તે રશ્મિકા વિશે જ વાત કરી રહ્યો હોવાનું માની લીધું છે.રશ્મિકા હાલ કારકિર્દીના સુવર્ણ કાળમાંથી પસાર થઈ રહી છે. તેની 'પુષ્પા ટૂ' સુપરહિટ જશે તેવી આગાહી અત્યારથી જ થઈ ચૂકી છે. આ અગાઉ તે 'એનિમલ' જેવી સુપરહિટ ફિલ્મ આપી ચૂકી છે. આ તબક્કે તે રિલેશનશિપની કબૂલાત કરે તે માટે સૌથી અનુકૂળ સમય છે. વિજય અને રશ્મિકા લાંબા સમયથી લિવ ઈન રિલેશનશિપ માં રહેતાં હોવાનું કહેવાય છે. તેઓ સાથે સાથે ફરવા ગયાં હોય તેવા એકથી વધુ તસવીરી પુરાવા સોશિયલ મીડિયા પર પણ ઉપલબ્ધ છે. જોકે, બંનેએ ક્યારેય તેમનાં સંબંધની કબૂલાત કરી નથી. હવે એક સંવાદમાં વિજયે પોતે કબૂલ્યું હતું કે હું હાલ સિંગલ નથી. જોકે, તેણે રશ્મિકાનું નામ લીધું નથી.



# ટેક્સ ફ્રી થયા પછી પણ 'ધ સાબરમતી રિપોર્ટ'ની કમાણી ના વધી

## વિક્રાંત મેસીની એક્ટિંગની દર્શક તેમજ ક્રિટિક્સ પણ ખૂબ પ્રશંસા કરી રહ્યાં છે

સત્ય ઘટના પર આધારિત 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મ ટેક્સ ફ્રી થયા પછી પણ કમાણી કરી શકી નથી. રંજન ચંદેલે ડિરેક્ટ કરેલી આ ફિલ્મ ૧૫ નવેમ્બરે રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં વિક્રાંત મેસીની એક્ટિંગની દર્શક તેમજ ક્રિટિક્સ પણ ખૂબ પ્રશંસા કરી રહ્યાં છે. આ ઉપરાંત ફિલ્મમાં રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરાએ પણ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. આ ફિલ્મની રિલીઝને ૭ દિવસ થઈ ગયા છે, જેના કલેક્શનના આંકડા ગુરુવારે સામે આવ્યા હતા. ધ સાબરમતી રિપોર્ટની કહાનીની વાત કરીએ તો આ ખૂબ જ દમદાર છે. ઘણી વખત જોવામાં આવે છે કે રિયલ લાઈફ ઘટના પર આધારિત ફિલ્મોને દર્શક ખૂબ પસંદ કરે છે પરંતુ વિક્રાંત મેસીની ફિલ્મની કહાનીની અસર બોક્સ ઓફિસ કલેક્શન પર નજર આવી રહી નથી. તાજેતરમાં જ ફિલ્મને મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન સિવાય હરિયાણામાં પણ વિક્રાંત મેસીની ધ સાબરમતી રિપોર્ટને ટેક્સ ફ્રી કરવામાં આવી છે.જો ફિલ્મની રેટિંગને લઈને વાત કરવામાં આવે તો આને સ્ફ્ઢ પર ૧૦માંથી ૮.૩ ની રેટિંગ મળી છે અને ગૂગલ પર આને ૫માંથી ૪.૬ ની રેટિંગ મળી છે. મૂવીએ ઓપનિંગ ડે પર ૧.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. હવે ગુરુવારના આંકડા પણ સામે આવી ચૂક્યા છે. એક રિપોર્ટ અનુસાર વિક્રાંત મેસીની ફિલ્મે ૭માં દિવસે ૧.૧૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું. દરમિયાન ફિલ્મનું કુલ કલેક્શન ૧૧.૪૫ કરોડ રૂપિયા થઈ ગયુ છે. આ ઉપરાંત ફિલ્મમાં રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરાએ પણ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.





લોકોને શ્વાસ લેવામાં તકલીફ

# બદલાતા હવામાનના કારણે ધુમ્મસમાં લપેટાયેલી દિલ્હી

। નવીદિલ્હી, તા.૨૨ ।

બદલાતા હવામાનના કારણે લોકો ધુમ્મસ અને ધુમ્મસનો સામનો કરી રહ્યા છે. સતત વધી રહેલા પ્રદૂષણના સ્તરને કારણે રાજધાનીમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. દિલ્હીના ઘણા ભાગોમાં એકયુઆઈ ૪૦૦ને પાર કરી ગયો છે. રાજધાની ગેસ ચેમ્બર બની રહે છે. જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. સ્થિતિ એવી છે કે લાંબા સમય સુધી ખુલ્લામાં રહેવાથી છાતીમાં બળતરા અને આંખોમાં ડંખની લાગણી થાય છે.સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, આજે સવારે ૮ વાગ્યે આનંદ વિહારમાં એકયુઆઈ ૪૦૫, મુંડકામાં ૪૧૩, બવાનામાં ૪૧૮, અશોક વિહાર ૪૧૪,આઈટીઓ ૩૫૫, જહાંગીરપુરી ૪૩૫, રોહિણી ૪૦૭, નજફગઢ, પંજાબી ૩૬૬, આર.કે. બાગ ૪૦૭, સોનિયા વિહાર ૩૯૪, દ્વારકા સેક્ટર ૮માં ૪૦૧ નોંધાયા છે.ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થા અનુસાર ઉત્તર-પશ્ચિમ દિશાઓથી પવન ફૂંકાયો હતો. આ દરમિયાન પવનની ઝડપ ૬ કિલોમીટર પ્રતિ કલાક રહી હતી. ગુરુવારે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાય તેવી શક્યતા છે. પવનની ઝડપ ૮ કિલોમીટર પ્રતિ કલાક રહેશે. શુક્રવારે પવન ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફૂંકાશે. આવી સ્થિતિમાં પવનની ઝડપ ૬ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની ધારણા છે.

### લાંચ, રોકાણકારોને છેતરવાના કેસમાં અદાણીની મુશ્કેલી વધી

# અમેરિકી સરકાર ગૌતમ અદાણીના પ્રત્યાર્પણની માગ કરે તેવી સંભાવના

**અદાણી કેસ પર અમારી નજર છે પણ સાથે અમેરિકા અને ભારતના સંબંધો પણ ઘણા મજબૂત : વ્હાઈટ હાઉસ । પ્રોજેક્ટથી અદાણી ગ્રૂપને ૨૦ વર્ષથી વધુ સમયમાં ૨૦૦ કરોડ ડોલરથી વધુનો લાભ થવાનો અંદાજ**

। ન્યૂયોર્ક, તા.૨૨ ।

ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત અદાણી જૂથના સાત એક્ઝિક્યુટિવ્સ પર ભારતમાં સોલાર પ્રોજેક્ટ માટે ભારતીય અધિકારીઓને લાંચ ઓફર કરવાના કેસમાં અમેરિકામાં દિવાની અને ફોજદારી આરોપ ઘડાયા પછી ન્યૂયોર્કના ટોચના વકીલે કહ્યું હતું કે, આ કેસ ઘણો આગળ વધી શકે છે. ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો વિરુદ્ધ ધરપકડ વોરન્ટ કાઢ્યા પછી હવે અમેરિકા તેમના પ્રત્યાર્પણ માટે પણ પ્રયત્નો કરે તેવી સંભાવના છે.અમેરિકન ન્યાય વિભાગે ભારતના બીજા ક્રમના સૌથી ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત અન્ય સાત વિરુદ્ધ અમેરિકન કોર્ટે



ધરપકડ વોરન્ટ ઈશ્યુ કર્યા હતા. ગૌતમ અદાણી હાલ ભારતમાં છે. જોકે, હવે અમેરિકન કોર્ટ ગૌતમ અદાણી સહિત સાતેય અધિકારીઓના પ્રત્યાર્પણ માટે પણ પ્રયાસ કરે તેવી સંભાવના છે. આ બધા જ સામે ધરપકડ વોરંટ ઈશ્યુ કરાયા છે. હવે અમેરિકા તેમના પ્રત્યાર્પણના પ્રયત્નો કરે તેવી શક્યતા છે.જોકે, અદાણી ગ્રૂપે અમેરિકન કોર્ટમાં લગાવાયેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે અદાણી જૂથ બધા જ કાયદાનું પાલન કરવામાં વિશ્વાસ રાખે છે. અમેરિકન ન્યાય વિભાગે ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સહિત અન્ય સાત લોકો પર મોંઘી સૌર ઊર્જા ખરીદવા માટે આંધ્ર પ્રદેશ અને ઓડિશાના અધિકારીઓને લાંચ આપવાનો આરોપ મૂક્યો છે. જોકે, તેમાં અધિકારીઓના નામનો ખુલાસો કરાયો નથી. આ પ્રોજેક્ટથી અદાણી ગ્રૂપને ૨૦ વર્ષથી વધુ સમયમાં ૨૦૦ કરોડ ડોલરથી વધુનો લાભ થવાનો અંદાજ છે.ભારતીય મૂળના અમેરિકન વકીલ રવિ બત્રાએ કહ્યું કે, અમેરિકન એટર્ની બ્રાયન પીસ પાસે ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો વિરુદ્ધ ધરપકડ વોરન્ટ ઈશ્યુ કરવા અને તેઓ જ્યાં રહે છે તે દેશમાં તેની બજવણી કરવાનો અધિકાર છે. અમેરિકન કાયદા મુજબ સંબંધિત દેશ સાથે પ્રત્યાર્પણની સંધી હોય તો અમેરિકા જે-તે દેશ પર તેના માટે દબાણ કરી શકે છે. આ એક પ્રક્રિયા છે, જેનું સંબંધિત દેશે તેના કાયદાઓને અનુરૂપ પાલ કરવું જોઈએ.ભારત અને અમેરિકા વચ્ચે વર્ષ ૧૯૯૭માં પ્રત્યાર્પણ સંધી થઈ હતી. જોકે, પ્રત્યાર્પણ અત્યંત દુર્લભ પરિસ્થિતિઓના અભાવમાં થાય છે. ચીલીના પૂર્વ પ્રમુખ ઓગસ્ટો પિનોશેના કેસમાં આવું જ જોવા મળ્યું હતું.

## બિભવ કુમારની પંજાબના સીએમના સલાહકારની નિમણૂકને લઈને હોબાળો

। ચંડીગઢ, તા.૨૩ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નજીકના બિભવ કુમારને લઈને આ દિવસોમાં પંજાબનું રાજકારણ ગરમાયું છે. ચર્ચા છે કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને પોતાના નાના ભાઈ ગણાવતા અરવિંદ કેજરીવાલે બિભવ કુમારને પોતાના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. આવું એટલા માટે કરવામાં આવ્યું છે જેથી તેઓ પોતે દિલ્હીના સીએમ આતિષીને માર્ગદર્શન આપી શકે. તે જ સમયે, પંજાબમાં ભગવંત માનની સરકારની લોકપ્રિયતા ઘટી રહી હતી. અહીં વિધાનસભાની ચૂંટણીને આડે લગભગ બે વર્ષ બાકી છે. આવી સ્થિતિમાં બિભવ કુમારને પંજાબની કમાન સોંપવામાં આવી છે. બિભવ કુમાર હવે કેજરીવાલના વિચારને પંજાબ સરકારમાં અમલમાં મૂકશે. તમને જણાવી દઈએ કે પંજાબ સરકાર દ્વારા બિભવ કુમારની નિમણૂકને લઈને કોઈ ઔપચારિક પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ તેમની નિમણૂકની ચર્ચાએ હોબાળો મચાવ્યો છે. સાંસદ સ્વાતિ માલીવાલે તેમની નિમણૂક પર સવાલ ઉઠાવ્યા છે.

## કેદારઘાટીએ આશામાં દેખાડ્યો વિશ્વાસ, મહિલા ઉમેદવારની જીતની માન્યતા અકબંધ

। કેદારનાથ, તા.૨૩ ।

કેદારનાથ વિધાનસભા સીટના પરિણામ આવી ગયા છે. કેદારઘાટીના લોકોએ ભાજપની તરફેણમાં જનાદેશ આપ્યો. આ સાથે ભાજપે હોટ સીટ કેદારનાથ વિધાનસભામાં મહિલા ઉમેદવારની જીતની મિથને દોહરાવી છે. કેદારનાથ વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપે મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય આશા નૌટિયાલને તેના ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. વર્ષ ૨૦૧૭ બાદ તે ફરી એકવાર ચૂંટણી લડી હતી.ઉત્તરાખંડ રાજ્યની રચના પછી ૨૦૦૨ માં યોજાયેલી પ્રથમ વિધાનસભા ચૂંટણીમાં તે કેદારનાથ મતવિસ્તારના પ્રથમ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા, જ્યારે તે ભાજપના ઉમેદવાર હતા. વર્ષ ૨૦૦૭માં પણ પ્રાદેશિક લોકોએ તેમને તેમના ધારાસભ્ય તરીકે ચૂંટ્યા. આ પછી તેઓ બે વખત ચૂંટણીમાં હાર્યા હતા. ઉખીમઠ ડેવલપમેન્ટ બ્લોકના દિલમી ગામની રહેવાસી આશા નૌટિયાલ એક સામાન્ય પરિવારની છે. ૧૯૯૬માં પ્રથમ વખત તે ઉખીમઠ વોર્ડમાંથી જિલ્લા પંચાયત સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાઈ આવી હતી.તેમના પતિ રમેશ નૌટિયાલ પત્રકારત્વ સાથે જોડાયેલા છે. તેણી વર્ષ ૧૯૯૬ માં પ્રથમ વખત ઉખીમઠ વોર્ડમાંથી જિલ્લા પંચાયત સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાઈ આવી હતી.


### અદાણી ગ્રૂપ સામે અમેરિકામાં કેસ

# હવે સેબીના રડાર પર પણ છે । માહિતી છુપાવવા માટે જવાબો માંગવામાં આવ્યા

**હિંડનબર્ગ રિસર્ચના આરોપો પર સેબીએ અદાણી ગ્રુપની પણ તપાસ કરી હોવાનું જાણવા મળે છે । ભારતમાં અદાણી ગ્રુપની મુશ્કેલીઓ વધી શકે**

। વોશિગ્ટન,તા.૨૩ ।

અમેરિકન કોર્ટમાં લાંચના આરોપમાં કેસ નોંધાયા બાદ ભારતમાં અદાણી ગ્રુપની મુશ્કેલીઓ વધી શકે છે. સેબી તપાસ કરી રહી છે કે શું જૂથે બજારને પ્રભાવિત કરતી માહિતી જાહેર કરવાના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે?આ દરમિયાન સેબીએ પણ ગ્રુપ પાસેથી સ્પષ્ટતા માંગી છે. સેબીએ કેન્યામાં એરપોર્ટ વિસ્તરણ સોદો રદ કરવા અને અમેરિકામાં કેસ અંગે જવાબો માંગ્યા છે. જો કે, જૂથે હજી જવાબ આપ્યો નથી.સૂત્રોના જણાવ્યા અનુસાર સેબીએ સ્ટોક એક્સચેન્જના અધિકારીઓ પાસેથી પણ માહિતી માંગી છે. તેમાં પૂછવામાં આવ્યું હતું કે શું અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ લાંચના આરોપોની યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટની તપાસનો પર્યાપ્ત જવાબ આપવામાં નિષ્ફળ રહી છે. તથ્યોની તપાસ બે



અઠવાડિયા સુધી ચાલી શકે છે. આ પછી સેબી નક્કી કરશે કે ઔપચારિક તપાસ શરૂ કરવી કે નહીં.હિંડનબર્ગ રિસર્ચના આરોપો પર સેબીએ અદાણી ગ્રુપની પણ તપાસ કરી હોવાનું જાણવા મળે છે. જોકે, તેણે હજુ સુધી તેના પરિણામો જાહેર કર્યા નથી. દરમિયાન, વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરીન જીન-પિયરે કહ્યું છે કે તેઓ અદાણી સામેના આરોપોથી વાકેફ છે. જ્યાં સુધી ભારત અને અમેરિકાના સંબંધોની વાત છે તો બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત છે.સેન્સેક્સ ૧,૯૬૧ પોઈન્ટ વધ્યો, અદાણીગ્રુપના ૧૦માંથી ૬ શેર વધ્યા હતાસાત સપ્તાહના ઘટાડા બાદ શુક્રવારે સ્થાનિક શેરબજારમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૯૬૧ પોઈન્ટ (૨.૫૪%)ના વધારા સાથે ૭૯,૧૧૭ પર બંધ થયો. તે દિવસ દરમિયાન ૨,૦૬૨ પોઈન્ટના વધારા સાથે પણ પહોંચ્યો હતો.

**રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં નથી રમી રહ્યો**

## કે એલ રાહુલ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રન કરવામાં સફળ થશે : ગાવસ્કર

**અગાઉ ગત વર્ષે દક્ષિણ આફ્રિકા સામે જે પ્રકારે તે રમ્યો હતો તેનું ઓસ્ટ્રેલિયામાં તે પુનરાવર્તન કરી શકે છે**

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતના મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝ પૂર્વે ભારતના સ્ટીલિશ ક્રિકેટર કે એલ રાહુલને લઈને નિવેદન કર્યું છે. ગાવસ્કરે રાહુલ પર વિશ્વાસ મુકતા જણાવ્યું કે, છેલ્લા થોડા સમયથી ફોર્મવિહોણો જણાતો રાહુલ ઓસ્ટ્રેલિયા સામે રન કરવામાં સફળ થશે. અગાઉ ગત વર્ષે દક્ષિણ આળિકા સામે જે પ્રકારે તે રમ્યો હતો તેનું ઓસ્ટ્રેલિયામાં તે પુનરાવર્તન કરી શકે છે.ભારતીય ટીમનો નિયમિત સુકાની રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં નથી રમી રહ્યો જેને પગલે ભારત પાસે રિઝર્વ ઓપનર અભિમન્યુ ઈશ્વરન તથા કેએલ રાહુલ બંનેમાંથી કોઈ એકને યશસ્વી જયસ્વાલ સાથે ઓપનિંગમાં ઉતારવામાં આવી શકે છે. ટીમ મેનેજમેન્ટ રાહુલને લઈને મક્કમ છે. ગત વર્ષે તેણે ઓપનર તરીકે સેન્ચુરિયનમાં સદી ફટકારી હતી. પરંતુ ભારત તરફથી ૫૩ ટેસ્ટ રમી ચુકેલો રાહુલ સાતત્યપૂર્ણ દેખાવ કરી શક્યો નથી. ગાવસ્કરે વધુમાં જણાવ્યું કે, કે એલ રાહુલને ભાગ્યનો થોડો સાથ મળશે તો તે ઓસ્ટ્રેલિયા સામે પણ શાનદાર દેખાવ કરશે. ભારતના ભૂતપૂર્વ બેટ્સમેનના મતે ટેસ્ટ ક્રિકેટમાં ટીમે તેના શ્રેષ્ઠ બોલર્સને રમાડવા જોઈએ. ભલે ટીમમાં બે સ્પિનર્સનો સમાવેશ કરવામાં આવે છે પરંતુ તે પણ શ્રેષ્ઠ હોવા જોઈએ. પર્થ ટેસ્ટમાં ભારતીય ટીમમાં નવોદીત ઓલરાઉન્ડર નિતિશ રેડ્ડીને તક મળે તેવી શક્યતા છે. નિતિશ ચોથા પેસર બોલર તરીકે ટીમમાં સ્થાન મેળવી શકે છે.

## ન્યૂઝ બ્રિફ



### વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી

। વોશિંગ્ટન, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ શાંતિ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ એવોર્ડ તેમને અમેરિકામાં આપવામાં આવશે. ઈન્ડિયન અમેરિકન માઈનોરિટીઝ એસોસિએશને મેરીલેન્ડના સ્લિગો સેવન્થ ડે એડવેન્ટિસ્ટ ચર્ચ દ્વારા આ જાહેરાત કરી છે. તે એક એનજીઓ છે. આ પગલું ભરવાનો હેતુ અમેરિકામાં ભારતીય લઘુમતી સમુદાયના લોકોને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે એક થવાનો છે. આ એવોર્ડ પીએમ મોદીને વિશ્વ શાંતિ અને સમાજને એક કરવા માટેના પ્રયાસો માટે આપવામાં આવશે.આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીને લઘુમતીઓના ઉત્થાન માટે વોશિંગ્ટનમાં માર્ટિન લ્યુથર કિંગ જુનિયર ગ્લોબલ પીસ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડ વોશિંગ્ટન એડવેન્ટિસ્ટ યુનિવર્સિટી અને AIAM દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવશે.

### બિજનૌરમાં ઝડપથી આવતી સ્કોર્પિયો કાર ઝાડ સાથે અથડાતાં ચાર લોકોના મોત

। બિજનૌર, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લામાં એક મોટો અકસ્માત થયો છે. અહીં એક ઝડપી કાર ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક મહિલા અને તેના બે બાળકો સહિત એક જ પરિવારના ચાર સભ્યોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તેમજ ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.પૂર્વી ક્ષેત્રના અધિક પોલીસ અધિક્ષક (એએસપી) ધરમ સિંહ મરચલે જણાવ્યું હતું કે શુક્રવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે નજીબાબાદથી નહતૌર ગામ નસીરપુર જઈ રહેલી સ્કોર્પિયો કાર કાબૂ બહાર ગઈ હતી અને રસ્તાની બાજુમાં એક ઝાડ સાથે અથડાઈ હતી. એએસપીએ જણાવ્યું કે કાર સવાર સુલતાનની પત્ની ગુલ્ફસા (૨૮), તેની આઠ દિવસની પુત્રી અનાદિયા, મોટી પુત્રી અલીશા (૬) અને બહેન ચાંદ બાનો (૩૫)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે સુલતાન, જે કાર ચલાવી રહ્યો હતો, તેનો પાંચ વર્ષનો પુત્ર શાદ અને ભત્રીજી અદીબા (૧૪) ગંભીર રીતે ઘાયલ થયા હતા.

## આ જીત ડબલ એન્જિન સરકારની સુરક્ષા, સુશાસન અને લોક કલ્યાણની નીતિઓનું પરિણામ છે : યોગી

। લખનૌ, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશની ૯ વિધાનસભા બેઠકોના વલણો/પરિણામો પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. બાંટેંગે ટુ કટંગેની સાથે તેમણે પીએમ મોદીના સ્લોગન 'જો અમે એક રહીશું તો સુરક્ષિત રહીશું'નો પણ ઉલ્લેખ કર્યો.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ટ્વિટર પર પોસ્ટ કર્યું, "ઉત્તર પ્રદેશ વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપ-એનડીએની જીત એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વ અને માર્ગદર્શનમાં જનતાના અતૂટ વિશ્વાસનો પુરાવો છે.

## નેપાળના પીએમ કેપી શર્મા ઓલીના ચીન પ્રવાસથી ભારત સાથે તણાવ વધી શકે

। કાઠમંડુ, તા.૨૩ ।

નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ ચીનની મુલાકાત લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. તેમણે બીજિંગ મુલાકાત પહેલા એવો પણ દાવો કર્યો છે કે તેમની ચીનની આગામી સત્તાવાર મુલાકાત ઘણી સફળ રહેશે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન પદનો કાર્યભાર સંભાળ્યા બાદ કેપી શર્મા ઓલીની આ પ્રથમ પડોશી દેશની મુલાકાત હશે. ઓલીએ કહ્યું, "હું ૨ ડિસેમ્બરે ચીનની મુલાકાત લઈ રહ્યો છું અને તે માત્ર એક મુલાકાત નહીં હોય." તેમણે કહ્યું કે તેઓ મુલાકાત દરમિયાન લોકો અને દેશના હિતને ધ્યાનમાં રાખશે. ઓલીએ સ્પષ્ટતા કરી કે તેઓ મુલાકાત દરમિયાન ચીન પાસેથી લોન માંગવાની સ્થિતિમાં નથી. તેમણે કહ્યું, "ઉત્પાદકતા વધારવી એ મારી પ્રાથમિકતા રહેશે," જો કે, સરકારે હજુ સુધી ઓલીની મુલાકાત અને વડાપ્રધાનના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી નથી. પરંતુ ઓલીએ પોતે જ પોતાના પ્રવાસ વિશે બધું જ જણાવ્યું છે. તે ફરી નેપાળની પરંપરા તોડીને ચીન પહોંચશે. કારણ કે સામાન્ય રીતે નેપાળના વડાપ્રધાન સૌથી પહેલા ભારતની મુલાકાત લે છે. પરંતુ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન પણ કેપી ઓલીએ આ પરંપરા તોડી ચીનની મુલાકાત લીધી હતી.

**૧૦ હજાર નકલી પ્રવેશ પત્રો ઝડપાયા** | **કોલેજો દ્વારા અપાયેલા પ્રવેશ પત્રોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે**

# ભારતીય વિદ્યાર્થીઓ સાથે 'છેતરપિંડી'। કેનેડા એલર્ટ મોડ પર!

। ટોરેન્ટો,તા.૨૩ ।

કેનેડા અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી રોકવા માગે છે. આ માટે હવે કોલેજો દ્વારા અપાયેલા પ્રવેશ પત્રોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. કેનેડાના ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા વિભાગે ૨૦૨૪માં સ્ટુડન્ટ વિઝા માટે સબમિટ કરેલા ૧૦,૦૦૦થી વધુ નકલી એડમિશન ઑફર લેટર શોધી કાઢ્યા છે. ગયા વર્ષે નકલી એડમિશન લેટરના ઘણા કિસ્સા જોવા મળ્યા હતા, ત્યારબાદ સરકારે પત્રોની તપાસ શરૂ કરી હતી.ધ ગ્લોબ



એન્ડ મેલના અહેવાલ અનુસાર આઈઆરસીસીની ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ બ્રાંચના ડાયરેક્ટર જનરલ બ્રોનવિન મેએ સંસદીય સમિતિને જણાવ્યું કે આ વર્ષે ૫ લાખથી વધુ સ્ટુડન્ટ વિઝા અરજીઓ તપાસવામાં આવી છે. તપાસ દરમિયાન ૫ લાખ અરજીઓમાંથી ૯૩% સાચી હોવાનું જણાયું હતું, પરંતુ ૨% અરજીઓમાં નકલી ડોક્યુમેન્ટ્સ મળી આવ્યા હતા. ૧% અરજીઓ હતી જેમાં પ્રવેશ રદ કરવામાં આવ્યો હતો. નવાઈની વાત તો એ છે કે ઘણા કિસ્સામાં તો કોલેજ-યુનિવર્સિટી પણ વિઝા માટે જમા કરાવેલા એડમિશન લેટર વેરીફાઈ કરી શકતી નથી.ગયા વર્ષે કેનેડામાં એક મોટી છેતરપિંડી સામે આવી હતી. ઘણા ભારતીય વિદ્યાર્થીઓને ભારતના નકલી સલાહકાર દ્વારા નકલી પ્રવેશ પત્રો સાથે કેનેડા મોકલવામાં આવ્યા હતા. કેનેડા પહોંચ્યા બાદ આ વાતનો ખુલાસો થતાં વિદ્યાર્થીઓને ભારત પરત મોકલી દેવામાં આવ્યા હતા. તેમાંથી બોધપાઠ લઈને સરકારે હવે પ્રવેશ પત્રોની ચકાસણી શરૂ કરી છે. નવા નિયમો હેઠળ તમામ કોલેજો અને યુનિવર્સિટીઓએ ઓનલાઈન પોર્ટલ દ્વારા પ્રવેશ પત્રની ચકાસણી કરવી જરૂરી છે.કેનેડાની ન્યુ ડેમોક્રેટિક પાર્ટીના ઈમિગ્રેશન ક્રિટિક જેની કવાનએ આ બાબતને અત્યંત ચિંતાજનક ગણાવી છે. તેમણે સરકારને નકલી એજન્ટો તેમજ તે કોલેજો અને યુનિવર્સિટીઓ સામે પગલાં લેવાની અપીલ કરી છે જેઓ આમાં સામેલ છે.














# ગુજરાતમાં શિયાળાએ તેના અસલી રંગ દેખાડવાનું શરૂ કરી દીધું

। અમદાવાદ,તા.૨૩ ।

ગુજરાતમાં શિયાળાએ તેના અસલી રંગ દેખાડવાનું શરૂ કરી દીધું છે. રાજ્યમાં કડકડતી ઠંડી શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીએ પહોંચી જતાં રાજ્યમાં ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડી વધુ રહેશે.

ગુજરાતમાં ઠંડીની તીવ્રતા વધી છે. ત્યારે રાજ્યમાં લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડિગ્રીથી ૨૧.૭ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. જેમાં નલિયા ૧૨.૨ ડિગ્રી લઘુત્તમ તાપ માન સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. જ્યારે ઓખામાં લઘુત્તમ તાપ માન ૨૧.૭ ડિગ્રી નોંધાયું હતું.

ગુજરાતમાં ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ હોય તેમ રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૧૭ ડિગ્રીએ પહોંચી ગયું છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો દિવસેને દિવસે તાપમાન ઘટી રહ્યું છે. અમદાવાદમાં છેલ્લા ૩ દિવસમાં તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.



















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya